Wednesday
23.08.2023
*Volume :8 * Issue No.28
*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor:Arjun Sondarva *Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar(Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs.90/-

અબોલ પશુઓની સારસંભાળ-રખરખાવ કરતી સેવા સંસ્થાઓના સત્કાર્યોમાં યોગ્ય મદદ માટે સરકાર તત્પર: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

કમલમ્ ન્યૂઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે ગૌશાળા-પાંજરાપોળોના વિશાળ હિતમાં મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનામાં સહાયના ધોરણોમાં મહત્વપૂર્ણસુધારોકર્યોછે. રાજ્યમાં જે ગૌશાળા-પાંજરાપોળ એક જ રજિસ્ટ્રેશન ધરાવતી હોય, પરંતુ એક કરતાં વધુ સ્થળે પશુ નિભાવ શેલ્ટર હોમ હોય તેવી સંસ્થાઓને શાખા દીઠ વધુમાં વધુ ૩ હજાર પશુની મર્યાદામાં પશુ દીઠ રોજના રૂ.૩૦ પ્રમાણે સહાય અપાશે. આ ઉપરાંત સહાય મેળવવાની પ્રક્રિયા ઝડપીઅને પારદર્શકબનાવવા પણ અગત્યનો નિર્ણય કરવામાંઆવ્યો છે. મુખ્યમંત્રી ગૌ માતા પોષણ યોજનાનો લાભ મેળવવા માંગતી સંસ્થાઓએ હવેઆઇ-ખેડૂતપોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. આવીસહાયની રકમજે તે સંસ્થાને હવેથી સીધી જ તેના બેંક ખાતામાં જમા આપવામાં આવશે. સમસ્ત મહાજન દ્વારા રાજ્યની ગૌશાળા પાંજરાપોળોને સ્વાવલંબન માટે રૂ.૨.૫૧ કરોડની સહાયના ચેક અર્પણ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા ગૌરવશાળી સમારોહમાં આ નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ સમારોહમાં સ્પષ્ટ મત વ્યક્ત કર્યોકે, જીવદયાનાકાર્યોથી લઈને છેવાડાના નાનામાંનાના માનવીના વિકાસ સુધીની વિવિધ યોજનાઓમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનભાગીદારી-પીપીપીના મોડલ દ્વારા વિકાસની રાજનીતિની ગતિ વધુ વેગવંતી બનાવી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, દરેક યોજનાભાંજન-જન કઈ રીતેજોડાય તેનો સફળ આયામ વડાપ્રધાનશ્રીએ આદર્યો છે.

નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, કૃષિ અને પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તેમજ વિધાનસભાના ઉપદંડક શ્રી જગદીશ મકવાણા સહિત સમગ્ર રાજ્યની ગૌશાળા-પાંજરાપોળના સંચાલકો આ ગૌરવશાળી સમારોહના સાક્ષી બન્યાં હતાં. મુખ્યમંત્રીશ્રીએઅબોલ પશુઓની સારસંભાળ અનેરખરખાવ કરતી આવી સેવા સંસ્થાઓના સારા કાર્યોમાં સરકાર યોગ્ય મદદ-સહાયથીપડખે ઊભીરહેવા તત્પર છે તેવા વિશ્વાસ આપ્યો હતો. તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જમીન અને માનવી બેયનું સ્વાસ્થ્ય સુધારવા પ્રાકૃતિક ખેતીથી બેક ટુ બેઝિકનું આગવું વિઝન આપ્યું છે. ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળીને રાસાયણિકખાતરથીઉત્પન્ન થતાં અનાજથી મુક્તિ સાથોસાથ

પશુધનની પણ સારી રીતે માવજત થઈ શકશે. વડાપ્રધાનશ્રીએ રોજબરોજની જીવનશૈલીમાં પણ પર્યાવરણ જાળવણીના ધ્યેય સાથે મિશન લાઈફનો વિચાર આપ્યો છે તેની ભૂમિકામુખ્યમંત્રીશ્રીએઆપી હતી. મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે સૌ મહાજનોને જીવદયાના તેમના સેવાકાર્ય સાથે પાણી બચાવવું, વીજળીનોકરકસરપૂર્વક ઉપયોગ કરવો તેમજ વડાપ્રધાનશ્રીએ જિલ્લે-જિલ્લે ૭૫ અમૃત સરોવર બનાવવા આપેલાઆહવાનમાં પણ સહભાગીથવા અનુરોધકર્યોહતો. દેશના અમૃતકાળમાં વિકસિત ભારતના નિર્માણમાં ગુજરાત આવા કાર્યોથી અગ્રેસર રહેશે તેમ પણ તેમણે જણાવ્યુંહતું. મુખ્યમંત્રીશ્રીએ ગૌશાળા-પાંજરાપોળોને સમયસર સહાય મળી રહે તે માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે ભગવાન મહાવીર સ્વામીના 'જીવો અને જીવવા દો'ના સૂત્રને પશુઓની નિભાવણી દ્વારા ગૌશાળા-પાંજરાપોળો આત્મસાત કરે છે તે માટે અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીના દૃષ્ટિવંત નેતૃત્વમાં રાજ્યમાં ગૌવંશ માટે રૂ. ૫૦૦ કરોડના પ્રાવધાન સાથે શરૂ કરાયેલી મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનામાટે સમસ્ત મહાજન દ્વારા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ અને મંત્રીશ્રીઓનુંઅભિવાદન કરવામાં આવ્યું હતું.

મુખ્ય મંત્રીશ્રીએ રાજ્યની ગૌશાળા-પાંજરાપોળોના સંચાલકોને સહાયના ચેક અર્પણ કરવા ઉપરાંત રાજસ્થાનની ગૌશાળા-પાંજરાપોળોના સંચાલકોનું જીવદયાના આ અદકેરા કાર્ય માટે સન્માન કર્યું હતું. કૃષિ અને પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગૌસંવર્ધન માટે શરૂ કરેલા વિવિધ કાર્યક્રમો ગૌચર વિકાસ બોર્ડ, ગૌસેવા આયોગ, પશુ રસીકરણ, પશુ આરોગ્ય મેળાઓ વગેરેથી પશુસંવર્ધન અને પશુસુધારણા માટે ઉમદા કામગીરી કરી હતી. આ જીવદયાપ્રેમી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર આ કામગીરીને સતત આગળ ધપાવી રહી છે. મંત્રી શ્રી રાઘવજીભાઈએ ગીર, કાંકરેજી, ડાંગી દેશી ગાય જેવી ઓલાદોના સંવર્ધન માટે તેમજ રાજ્ય સરકારના સફળ પ્રયાસોની જાણકારી આપી હતી. તેમજ ગૌસેવા બોર્ડ-ગૌચર વિકાસ બોર્ડ દ્વારા ગૌશાળા-પાંજરાપોળના માળખાકીય સાધન-સુવિધા પૂરી પાડી સ્વાવલંબી બનાવવા માટે રાજ્ય સરકારે અદ્યતન સાધન સહાય પૂરીપાડવા માટે છેલ્લાં ૧૦ વર્ષમાં રૂ. ૧૦૦ કરોડની મદદ કરી હોવાની વિગતો આપી હતી.

મંત્રીએ જણાવ્યું હતુંકે, કોરોનાના કપરાકાળમાં પણ રાજ્ય સરકારે આત્મનિર્ભર ગુજરાતયોજના હેઠળ દરેક સંસ્થાને પશુદીઠ રૂ.૨૫ લેખે રોકડ સહાય સતત ૭ માસ સુધી કરી હતી અને રૂ. ૨૨૧ કરોડની સહાય કરીને જીવદયાનું ઉત્તમ ઉદાહરણ પૂરુંપાડ્યું હતું.

ચાફ કટર, બેલર, સોલર પેનલ વગેરે જેવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ માટે રૂ. ૩૫.૪૯ કરોડની સહાય ગૌશાળા-પાંજરાપોળોને કરવામાં આવી છે. મુખ્યમંત્રી ગૌમાતા પોષણ સહાય યોજનાઅંતર્ગત ગયાવર્ષે રાજ્યમાં પશુદીઠ દૈનિક રૂ. ૩૦લેખે ૧૧૯૪ જેટલી સંસ્થાઓના ૩.૧૦ લાખ પશુઓ માટે રૂ. ૧૭૦.૩૭ કરોડની સહાય પણ રાજ્ય સરકારે આપી છે એમ શ્રી રાઘવજીભાઈ પટેલે ઉમેર્યું હતું. કૃષિ મંત્રી શ્રી પટેલે ગૌશાળા-પાંજરાપોળો જેવી સંસ્થાઓને કેન્દ્ર-રાજ્યની ગોબરધન સહિતની જુદી જુદી યોજનાઓનો લાભ લઈ આર્થિક ઉપાર્જન થકી કાયમી ધોરણે આત્મનિર્ભર અને સ્વાવલંબી બને તે માટેપ્રયાસો કરવાઅનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં સમસ્ત મહાજનના શ્રી ગીરીશભાઈ શાહ તથા શ્રી મિતલભાઈ ખેતાણી, જામનગરના મેયરશ્રી બિનાબહેન કોઠારી, પ્રદેશ ભાજપા ઉપાધ્યક્ષ અને પૂર્વ ધારાસભ્ય શ્રીમતિ વર્ષાબેન દોશી, વડોદરાના પૂર્વમેયર ડૉ. જિગીશાબેન શેઠ, પશુપાલન નિયામક શ્રીમતી ફાલ્ગુની બહેન સહિત રાજ્યની ગૌશાળા-પાંજરાપોળોના સંચાલકો-ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

મિશન ચંદ્ર: એસ્ટ્રોનોમીમાં રસ વધારવા માટે કેર અને હેન્ડહોલ્ડિંગ

કમલમ્ ન્યૂઝ,



મિશન ચંદ્ર સાયન્સ કોમ્પિટિશન, જેનું આયોજન કન્ટ્રોલર ઑફ કૉમ્યુનિકેશન એકાઉન્ટ્સ, ગુજરાત સર્કલ દ્વારા સ્પેસ એપ્લિકેશન સેન્ટર ઈસરો, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી અને સાયન્સ સિટીના સહયોગથી કરવામાં આવી રહ્યું છે, જેમાં ગુજરાતભરની એન્જિનિયરિંગ કોલેજોની ટીમો તરફથી ૮૦થી વધુ નોમિનેશન મળ્યા હતા. ગુજરાતની એન્જિનિયરિંગ કોલેજોમાં ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ સાથે ૮૦થી વધુ ટીમોએ ૧૯ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ ઓડિટોરિયમ ૧ સાયન્સ સિટી ખાતે તેમના ડિજિટલ ૩ ડી મોડેલ સાથે સ્પર્ધા કરી હતી. ૮૦ ટીમોમાંથી ૧૧ ટીમો વિજેતા બનીને ઉભરી આવી હતી. ૨૨ ઓગસ્ટ ૨૦૨૩નારોજ મીમન્સા, છઠ્ઠો માળ, ઓ/ઓ સીસીએ ગુજરાત, પીએન્ડ ટીએડમિનખાતે બી.એલ.ડી.જી., ખાનપુર, અમદાવાદ પી.આર.સી.સી.એ., પશ્ચિમઝોન, સીપીએમજી ગુજરાત અને સીસીએ ગુજરાતની ઉપસ્થિતિમાં તથા એસ.એ.સી.ઈસરો, ગુજકોસ્ટ અને સાયન્સ સીટી અમદાવાદના મહાનુભાવોની ઉપસ્થિતિમાં પ્રાથમિક રાઉન્ડના વિજેતાઓ માટે સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રારંભિક રાઉન્ડના વિજેતાઓને રોકડ ઈનામો અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. તેઓ ૨૩.૦૮.૨૦૨૩નારોજ ઈસરોનાં સ્પેસએપ્લિકેશન્સસેન્ટરથીચંદ્રની સપાટી પર સીધું ઉતરાણ કરનારું ચંદ્રયાન-૩ નિહાળશે. ૧૧ વિજેતા ટીમો સ્પર્ધાના અંતિમ રાઉન્ડમાં આગળવધેછે જેમાંતેઓ પ્રારંભિક રાઉન્ડમાં રજૂ કરવામાં આવેલા ડિજિટલ મોડેલ (લોન્ચ વ્હીકલ, લેન્ડર અથવા રોવર)ના ફિઝિકલ મોડેલ (પ્રોટોટાઇપ) બનાવશે. આ માટેનું મૂલ્યાંકન સાયન્સ સિટી, અમદાવાદ ખાતે ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ કરવામાં આવશે.

ડૉ. મનસુખ માંડવિયાએ ભારત અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે ખાતરોની ઉપલબ્ધતા અને ઉપયોગની સમીક્ષા કરી

ધરતી માતાને બચાવવા ખાતરનો સંતુલિત ઉપયોગ જરૂરી છે અને રાસાયણિક ખાતરોનો ઉપયોગ ઓછો કરવાનો અમારો સંકલ્પ છે: ડૉ.માંડવિયા

દેશમાં ૧૫૦ લાખ મેટ્રિક ટનથી વધારે ખાતર ઉપલબ્ધ છે, જે સમગ્ર દેશમાં ખેડૂતોની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે પર્યાપ્ત છે

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય રસાયણ અને ખાતર, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે અહીં રાજ્યના કૃષિ મંત્રીઓ સાથે દેશમાં ખાતરોની ઉપલબ્ધતાઅને ઉપયોગ પર વાતચીત કરી હતી. બેઠક દરમિયાન તેમણે નેનો યુરિયા, નેનો ડીએપીની પ્રગતિ અને ક્ષેત્ર સ્તરે વૈકલ્પિકખાતરોને પ્રોત્સાહન આપવાની અને આ સંદર્ભે રાજ્યો દ્વારા શરૂ કરવામાં આવેલા પગલાં અંગે પણ સમીક્ષા કરી હતી. શરૂઆતમાં ડૉ.માંડવિયાએ તમામ રાજ્યોને માહિતી આપી હતી કે, હાલના ૧૫૦એલએમટી સ્ટોકના સ્તર સાથે દેશમાં ખાતરોની પર્યાપ્ત ઉપલબ્ધતાછે. આ સ્ટોક માત્ર ચાલુ ખરીફ સીઝનની જ કાળજી લેશે નહીં, પરંતુ આગામી રવી સીઝન માટે આરામદાયકઉદઘાટનની પણ ખાતરી કરશે. ડૉ.માંડવિયાએ જમીનને બચાવવામાટે રાસાયણિક ખાતરોના વધુ પડતા ઉપયોગને ઘટાડવાની આવશ્યકતાપર પ્રકાશ પાડ્યોહતો. તેમણેપુનરોચ્ચાર કર્યો હતો કે, કેન્દ્ર સરકારે પીએમપ્રાણમ યોજના સ્વરૂપેએક પગલું લીધું છે. આ પ્રયાસોમાં ધરતી માતાને બચાવવા માટે વૈકલ્પિક ખાતરોના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે સલ્ફર કોટેડ યુરિયા (યુરિયા ગોલ્ડ), નેનો યુરિયા, નેનો ડીએપી વગેરેને ધીમી ગતિએ છોડવાનો પણ સમાવેશ થાય છે. રાજ્ય સરકારે આ સંકલ્પમાં સક્રીય સહભાગી બનવાની તૈયારી દર્શાવી હતી. દેશભરમાં પીએમકેએસકેની પહેલ પર ચર્ચાથઈ હતી, જે એક જ સ્થળે ખેડૂતોની તમામ જરૂરિયાતો પૂર્ણ કરવા માટે વન-સ્ટોપ-શોપ તરીકે કામ કરીરહી છે.

તેમણે રાજ્યનાંતમામ કૃષિ મંત્રીઓ અને રાજ્ય સરકારનાં અધિકારીઓનેઅપીલ કરીહતી કે, તેઓ નિયમિતપણે આ પીએમકેએસકેની મુલાકાત લે અને ખેડૂતોમાં જાગૃતિ ફેલાવે. માનનીય મંત્રીશ્રીએ બિન-કૃષિ હેતુમાટે કૃષિ ગ્રેડના યુરિયાના ડાયવર્ઝન પર અંકુશ રાખવાની જરૂરિયાત અંગે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને અપીલ કરી હતી. વધુમાં તેમણે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને જાગૃતિ અભિયાન ચલાવવાજણાવ્યું હતું, જે થી કૃષિ યુરિયાના સંભવિત ડાયવર્ઝનમાં ઘટાડો થશે અને કસૂરવારો સામે કડક પગલાં લેવામાં આવશે. અત્રેઉલ્લેખનીય છેકે, કેન્દ્ર સરકાર અને વિવિધરાજ્યોના કૃષિ વિભાગોની ફર્ટિલાઇઝર ફ્લાઈંગ સ્કવોડ દ્વારા કરવામાં આવેલા સંયુક્ત નિરીક્ષણના આધારે રાજ્ય સરકારોએ યુરિયાનોઉપયોગ કરતા એકમોના ડિફોલ્ટર, ૩૨ મિશ્રણ એકમોના રદ કરાયેલા લાયસન્સ અને આવશ્યક ચીજવસ્તુઓ અધિનિયમ અને કાળા બજાર નિવારણ અધિનિયમ હેઠળ કડક કાર્યવાહી સાથે ૭૯મિશ્રણ એકમો સામે ૪૫ એફઆઈઆર નોંધી છે. રાજ્યસરકારે પણઆવા ગુનેગારો સામે ઝીરો ટોલરન્સની ભાવનાનો પડઘો પાડ્યો હતો. વૈકલ્પિક ખાતરોના ઉપયોગને પ્રોત્સાહન આપવા, રાસાયણિક ખાતરોના વધુ પડતા વપરાશને ઘટાડવા માટે તમામ જરૂરી પગલાં લેવા કેન્દ્ર અને રાજ્યો સાથેબેઠક સંપન્નથઈ હતી. પીએમ-પ્રાણમ, યુરિયા ગોલ્ડ, નેનો-યુરિયા, નેનો-ડીએપી જેવી તાજેતરમાં શરૂ થયેલી પહેલોને રાજ્યોએસારી રીતેમાન્યતા આપી હતી, જે ખેડૂત સમુદાયના વ્યાપક હિતમાં ઇચ્છિત પરિણામો હાંસલ કરવા સમાન સંકલ્પ ધરાવેછે. આ બેઠકમાં વિવિધ રાજ્યોના રાજ્ય કૃષિમંત્રીઓઅનેરાજ્ય સરકારોના વરિષ્ઠ અધિકારીઓ તથા ખાતર વિભાગ અને કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિતરહ્યા હતા.

ભાવનગર ખાતે જનકલ્યાણકારી યોજનાઓ સાથે રાષ્ટ્રીય અભિયાનો અંગે મલ્ટીમીડિયા પ્રદર્શન સહિત વિશેષ કાર્યક્રમનું સાંસદશ્રી ડો. ભારતીબેન શિયાળના હસ્તે થયું ઉદ્ઘાટન

વિશ્વભરમાં હવે ભારતની એક આગવી ઓળખ ઊભી થઈ છે: સાંસદશ્રી ડો.ભારતીબેન શિયાળ

સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ વિષય અંતર્ગત જન કલ્યાણકારી યોજનાઓ અને અભિયાનો અંગે જાણકારી આપતું મલ્ટી મીડિયા પ્રદર્શન

કેન્દ્રીય સંચાર બ્યુરો જુનાગઢ અને મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીનું સંયુક્ત આયોજન

કમલમ્ ન્યુઝ,

ભાવનગરનાં અટલ ઓડિટોરિયમ ખાતે કેન્દ્રીય સંચાર બ્યુરો જુનાગઢ અને મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે આયોજિત મલ્ટીમીડિયા પ્રદર્શન સહિતના વિશેષ કાર્યક્રમનું ઉદઘાટન ભાવનગરના સાંસદ શ્રી ડૉ.ભારતીબેન શિયાળના હસ્તે કરવામાં આવ્યું. ભાવનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી કિર્તીબેન દાણીધારીયા, ભાવનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ભરતસિંહ ગોહિલ, યુનિવર્સિટીના કુલપતિ શ્રી એમ એમ ત્રિવેદી તેમજ યુનિવર્સિટીના ઇન્ચાર્જ કુલસચિવશ્રી અને અન્ય હોદ્દેદારોની પ્રેરક ઉપસ્થિતિ તેમજ ભાવનગર જિલ્લા અને મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓની ઉપસ્થિતિમાં પાંચ દિવસીય વિશેષ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો. ઉદ્ઘાટન સમારોહને સંબોધિત કરતા ભાવનગરના સાંસદ ડૉ.ભારતીબેન શિયાળે માત્ર ૯ વર્ષના ગાળામાં વિશ્વભરમાં ભારતની એક આગવી ઓળખ ઊભી થાય તેવા ભારત સરકારના સીમાચિન્હ કાર્યો અને રાષ્ટ્રના વિકાસની વાત કરી હતી. ભારતીય યુવા શક્તિ તરફ વિશ્વ આખાની નજર મંડાયેલી છે ત્યારે રાષ્ટ્રના યુવા વર્ગને નવા ભારતના નિર્માણમાં તેમનું યોગદાન આપવાની અપીલ કરતાં સાંસદશ્રી એ સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ અંતર્ગત વિભિન્ન જન કલ્યાણકારી યોજનાઓ થકી બદલાઈ રહેલા દેશનું ચિત્ર તેમના સંબોધનમાં યુવા વર્ગ સમક્ષ પ્રસ્તુત કર્યું હતું. પ્રાસંગિક ઉદબોધનમાં દેશમાં ચાલી રહેલ વિભિન્ન રાષ્ટ્રીય અભિયાનો અંગે જાણકારી આપતા ભાવનગરના મેયર શ્રીમતી કીર્તિબેન દાણીધરીયાએ રાષ્ટ્રીય અભિયાનોમાં જનભાગીદારી વધારવાના પ્રયાસના ભાગરૂપે આયોજિત થયેલ આ કાર્યક્રમને બિરદાવ્યો હતો. સાથે જ અભિયાનની સફળતા માટે જનભાગીદારીને મહત્વપૂર્ણ ગણાવતા દેશમાં ચાલી રહેલ પ્રત્યેક અભિયાનમાં જોડાવા અને તેને સફળ બનાવવા યુવાવર્ગને આગળ આવવા અપીલ કરી હતી. મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના એક્ઝિક્યુટિવ કાઉન્સિલ મેમ્બર ડૉ. ગીરીશભાઈ પટેલે મહેમાનોના સ્વાગત પરિચય સાથે આ કાર્યક્રમના માધ્યમથી આજનો યુવા વર્ગ સરકારની વિભિન્ન યોજનાઓ તેમજ મહત્વના કાર્યો અંગે જાણકાર થશે અને આ જાણકારી તેમના કારકિર્દી ઘડતરમાં પણ ઘણી મહત્વની સાબિત થશે તેવું જણાવ્યું હતું. કેન્દ્રીય સંચાર બ્યુરો જુનાગઢના અધિકારી શ્રી દેવેન્દ્ર ત્રિવેદીએ કાર્યક્રમના આયોજન અંગે જાણકારી આપતા જણાવ્યું કે તારીખ ૨૨ થી ૨૬ ઓગસ્ટ એમ પાંચ દિવસ સુધી ભાવનગરના અટલ ઓડિટોરિયમ ખાતે મલ્ટીમીડિયા એક્ઝિબિશન સહિત વિશેષ કાર્યક્રમ જાહેર જનતા માટે આજ રોજ ખુલ્લો મુકાયો છે. સરકારની ૯ વર્ષની સિદ્ધિઓ અને વિભિન્ન જન કલ્યાણકારી યોજનાઓ સાથે રાષ્ટ્રીય અભિયાનો અંગે લોકોને જાણકારી મળી રહે તેમજ અભિયાનોમાં જનભાગીદારી વધે તેવા ઉદ્દેશ્ય સાથે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં તેમણે જણાવ્યું કે નવી આધુનિક તેમજ ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ તેમજ સરળતાથી સમજી શકાય તેવા માધ્યમો થકી જાણકારી મળી રહે તે રીતે સમગ્ર પ્રદર્શનને તૈયાર કરવામાં આવ્યું છે. આવનાર પાંચ દિવસ સુધી જાહેર જનતા માટે ખુલ્લું રહેનાર આ પ્રદર્શનનો ભાવનગરના નગરજનો મોટી સંખ્યામાં લાભ લે તેવો અનુરોધ પણ કરવામાં આવ્યો.

તંત્રી સ્થાનેથી......

ઓણમ, રક્ષાબંધન અને કૃષ્ણ જન્માષ્ટમીના આગામી તહેવારો માટે ખાંડની મજબૂત માંગને ધ્યાનમાં રાખીને, 2 LMT નો વધારાનો ક્વોટા (ઓગસ્ટ, ૨૦૨૩ મહિના માટે અગાઉથી ફાળવેલ 23.5 LMT થી વધુ) ઓગસ્ટ, ૨૦૨૩ મહિના માટે ફાળવવામાં આવી રહ્યો છે. સ્થાનિક બજારમાં વધારાની ખાંડ સમગ્ર દેશમાં વાજબી ભાવો સુનિશ્ચિત કરશે. છેલ્લા એક વર્ષમાં આંતરરાષ્ટ્રીય ખાંડના ભાવમાં ૨૫%નો વધારો થયો હોવા છતાં, દેશમાં ખાંડની સરેરાશ છૂટક કિંમત આશરે ૪૩.૩૦ પ્રતિ કિલો છે અને તે એ જ રેન્જમાં જ રહેવાની શક્યતા છે. છેલ્લા ૧૦ વર્ષોમાં દેશમાં ખાંડના ભાવમાં વાર્ષિક ૨%થી ઓછો ફુગાવો રહ્યો છે. વર્તમાન સુગર સિઝન (ઓક્ટો-સપ્ટેમ્બર) ૨૦૨૨-૨૩ દરમિયાન, ભારતમાં ઈથેનોલ ઉત્પાદન માટે લગભગ 43 LMTના ડાયવર્ઝન પછી 330 LMT ખાંડનું ઉત્પાદન થવાનો અંદાજ છે. સ્થાનિક વપરાશ લગભગ 275 LMT રહેવાની ધારણા છે. વર્તમાન તબક્કે, ભારત પાસે વર્તમાન SS 2022-23ના બાકીના મહિનાઓ માટે તેની સ્થાનિક માંગને પહોંચી વળવા માટે પૂરતો ખાંડનો સ્ટોક છે અને આ સિઝનના અંતે એટલે કે ૩૦.૦૯.૨૦૨૩માં 60 LMT (૨ ઘ મહિના માટે ખાંડના વપરાશને પહોંચી વળવા માટે પર્યાપ્ત) નો મહત્તમ બંધ સ્ટોક ઉપલબ્ધ થશે. ખાંડના ભાવમાં તાજેતરનો વધારો દર વર્ષે જુલાઈ-સપ્ટેમ્બર દરમિયાન ટૂંક સમયમાં જ ઠંડો પડી જશે, આગલી સીઝન પહેલા ભાવ વધે છે અને પછી શેરડી પિલાણ શરૂ થતાં નીચે આવે છે. આમ, ખાંડના ભાવમાં વધારો ખૂબ જ નજીવો અને ટૂંકાગાળા માટે છે.

કમલમ્ન્યુઝ,નરેન્દ્ર પટેલ

હાંસોટ તાલુકાના સાહોલ ગામના શિવ ભક્તો ૨૫ યુવાનો પગપાળા કાવડ યાત્રા કરી જ્યોર્તિલિંગ નાગેશ્વર અને સોમનાથ જવા રવાના. સાથે સેવા બજાવનાર શિવભક્તો પણ જોડાયા હતા. આ પ્રસંગે બહોળી સંખ્યામાં ગામજનોએ તેઓની પૂજા અર્ચના કરી હતી અને વિના વિઘ્ન દર્શન કરી પરત ફરે એવી મહાદેવ પાસે પ્રાર્થના કરી હતી.

જામનગરવાસીઓની મુસાફરી સુવિધામાં થયો વધારો

સાંસદશ્રી પૂનમબેન માડમે લાલપુર જામ સ્ટેશનથી ટ્રેનને લીલી ઝંડી બતાવી સ્ટોપેજની શરૂઆત કરી

કમલમ્ન્યુઝ,ભરત ભોગાયતા

રેલવે મંત્રાલયના આદેશ મુજબ પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝનના લાલપુર જામ સ્ટેશન પર પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેન (૧૯૦૧૬/૧૯૦૧૫)ને સ્ટોપેજની મંજૂરી મળતા તા. ૨૦ ઓગસ્ટથી ટ્રેન જામ રેલવે સ્ટેશન પર થોભશે. સાંસદશ્રી પૂનમબેન માડમે લાલપુર જામ રેલ્વે સ્ટેશનથી ટ્રેનને લીલી ઝંડી બતાવીને સ્ટોપેજનું ઉદ્ઘાટન કર્યું હતું. ટ્રેનના સ્ટોપેજને લઈને રેલવે મુસાફરો અને લાલપુર જામના લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. તેમજ સાંસદશ્રીએ ત્યાં હાજર લોકો સાથે ટ્રેનના સ્ટોપેજ અંગે વાતચીત કરી હતી. લોકોની મુસાફરી સુવિધામાં વધારો થતાં તેઓએ રેલવે પ્રશાસન અને સાંસદનો આભાર વ્યક્ત કર્યો હતો. ભાવનગર ડિવિઝનના સીનિયર ડીસીએમશ્રી માશૂક અહમદના જણાવ્યા અનુસાર લાલપુર જામ રેલ્વે સ્ટેશન પર ટ્રેન નંબર ૧૯૦૧૬ પોરબંદર - દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ (દૈનિક) નો આગમન/પ્રસ્થાનનો સમય અનુક્રમે ૨૩.૫૫/૨૩.૫૬ છે. તેવી જ રીતે, વળતરની દિશામાં, ટ્રેન નંબર ૧૯૦૧૫ દાદર-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ (દૈનિક) નો આગમન/પ્રસ્થાનનો સમય અનુક્રમે ૦૩.૩૧/૦૩.૩૨ છે. આ પ્રસંગે ડીવીઝનલ રેલવે મેનેજર શ્રી રવીશ કુમાર સહિત ડીવીઝનના અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ, અગ્રણીઓશ્રી રમેશભાઈ મુંગરા, શ્રી દિલીપભાઈ ભોજાણી, શ્રી પ્રવીણસિંહ જાડેજા, શ્રી ડો. વિનોદભાઈ ભંડેરી, શ્રી અરસીભાઈ કરંગિયા, તાલુકા પંચાયત લાલપુરના પ્રમુખશ્રી કાંબરિયાભાઈ, સરપંચશ્રી જયેશભાઈ, અધિકારીશ્રીઓ, જાહેર જનતા તેમજ મુસાફરો ઉપસ્થિત રહ્યા હતા તેમ કવરેજ આપતા જામનગર જીલ્લા માહિતી કચેરીના સીનિયર સબ એડીટર પારૂલ કાનગળએ જણાવ્યુ છે

આઝાદીના લડવૈયા તેમજ સરહદ પર કે દેશમાં માતૃભુમિનું રક્ષણ કરતા વીરોનું સન્માન કરાયું

કમલમ્ ન્યુઝ,મોરબી

દેશના વીરોને વંદન કરી માતૃભુમિ પ્રત્યેનું ઋણ અર્પણ કરવાના ઉદ્દેશ સાથે સમગ્ર રાષ્ટ્રમાં 'મારી માટી, મારો દેશ' કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી રહી છે. સમગ્ર દેશ જ્યારે રાષ્ટ્ર ભક્તિના રંગે રંગાઈ રહ્યો છે. ત્યારે સ્વાધિનતાના પાયોનિયર પૈકિના એક એવા મહર્ષિ દયાનંદ સરસ્વતિ તેમજ ગાંધીજીના આધ્યાત્મિક ગુરૂ શ્રીમદ્ રાજચંદ્રજીની જન્મભુમી એવો મોરબી જિલ્લો કેમ બાકાત રહે? મોરબી જિલ્લામાં પણ 'મારી માટી મારો દેશ' કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરવામાં આવી છે અને આવી રહી છે. ત્યારે મોરબી જિલ્લો વિવિધ કાર્યક્રમો થકી દેશ ભક્તિના રંગે રંગાઈ રહ્યો છે. મોરબી જિલ્લાના તમામ નાગરીકોમાં 'મારી માટી, મારો દેશ' અભિયાનનો અનેરો ઉમંગ જોવા મળી રહ્યો છે. સાથોસાથ જિલ્લાના તમામ નાગરીકો અભિયાનમાં હર્ષભેર જોડાઈને વિવિધ કાર્યક્રમના સહભાગી બની રહ્યા છે. 'મારી માટી, મારો દેશ' અભિયાન હેઠળ જિલ્લામાં વિવિધ કાર્યક્રમનું આયોજન કરાવામાં આવ્યું છે, જેના ભાગરૂપે મોરબી જિલ્લાની ૩૬૨ ગ્રામ પંચાયત, ૫ તાલુકા તથા ૪ પાલિકા કક્ષાના વિવિધ કાર્યક્રમો યોજાયા છે. આ કાર્યક્રમો અંતર્ગત વીરોના બલિદાનને યાદ કરાવતા ૩૭૧ શિલાફલકમનું નિર્માણ કરવામાં આવ્યું છે. તો મોરબી જિલ્લામાં પોતાના દેશના વીરો અને માટી પ્રત્યેનું માન અને લાગણી દર્શાવી માટી તેમજ શિલાફલકમ સાથે ૩૦૭૭૨ નાગરિકો દ્વારા સેલ્ફી અપલોડ કરવામાં આવી છે. ઉપરાંત ૪૩૮૯૪ નાગરિકો દ્વારા પંચપ્રાણ પ્રતિજ્ઞા લેવામાં આવી છે. આ મહાઅભિયાન અંતર્ગત મોરબી જિલ્લામાં કુલ ૩૮૫ અમૃત વાટીકાનું નિર્માણ કરી કુલ ૨૯૯૩૭ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. આ સાથે એવા વીરો કે જેમણે આઝાદી માટે પોતાના પ્રાણ હસતા મુખે અર્પણ કર્યા તેમજ આઝાદી બાદ પણ ભારતમાતની રક્ષા કરવા માટે કટીબધ્ધ એવા આર્મી, એરફોર્સ, પોલીસ, સુરક્ષાદળ વગેરેના શહીદ કે રિટાયર્ડ એવા કુલ ૨૧૬ વીરોના સન્માન સમારોહ કાર્યક્રમ સાથે મોરબીના ખુણે ખુણે યોજાયેલ તિરંગા રેલી તથા રાષ્ટ્રગાનમાં ૪૩૮૯૪ નાગરિકોએ જોડાઈને 'માટીને નમન, વીરોને વંદન' કર્યા હતા.

કપરાડાના દીક્ષલ ગામ ખાતે પંચપ્રકલ્પની નશાબંધી તેમજ કુરિવાજ નિવારણ, દહેજ પ્રથા - ભ્રુણ હત્યા નિવારણ" અંતર્ગત સેમિનાર યોજાયો

કમલમ્ ન્યુઝ,વલસાડ

જિલ્લા મહિલા અને બાળ અધિકારી તેમજ દહેજ પ્રતિબંધક અધિકારીના માર્ગદર્શન હેઠળ વલસાડ કાર્યરત ડિસ્ટ્રીક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન (DHEW) અને કપરાડા વિનિયન અને વાણિજ્ય કોલેજ દ્વારા કપરાડા તાલુકામાં દીક્ષલ ગ્રામ પંચાયત ખાતે તા. ૨૨-૦૮-૨૦૨૩ ના રોજ "પંચપ્રકલ્પની નશાબંધી તેમજ કુરિવાજ નીવારણ, દહેજ પ્રથા તેમજ ભ્રુણ હત્યા નિવારણ" સંદર્ભે સેમીનાર નું આયોજન કરવામાં આવ્યું હતું.

સેમિનારમાં પ્રોફેસર દિપકભાઈ પટેલ દ્વારા નશા બંધી તેમજ કુરિવાજો વિશે, DHEW ના કર્મચારી દ્વારા દહેજ પ્રથા તેમજ ભ્રુણ હત્યા નિવારણ બાબતે, મહિલા લક્ષી યોજનાઓ જેમ કે વ્હાલી દીકરી, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન યોજના, બેટી બચાવો બેટી પઢાવો, સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ બેઈઝડ સપોર્ટ સેન્ટર અભયમ મહિલા હેલ્પલાઈન ૧૮૧ વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. સેમિનારમાં દીક્ષલ ગામના સરપંચ સંગીતાબેન મોહનભાઈ, ડેપ્યુટી સરપંચ, રતનભાઈ રામુભાઈ ગાંગોડા, ગામના સામાજીક કાર્યકર્તા અવિનાશભાઈ મનુભાઈ ભોયા, માહદુભાઈ રાવજીભાઈ, કુંડલભાઈ સિત્યાભાઈ લાંગે સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિતિ રહ્યા હતાં.

ચરોતર ગેસ અને સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ (SPEC) વચ્ચે MoU કરવામાં આવ્યા

કમલમ્ન્યુઝ,બીના પટેલ

ચરોતર ગેસ સહકારી મંડળી લિમિટેડ, વિઠ્ઠલ ઉદ્યોગનગર ના ચેરમેન ધર્મેન્દ્રભાઈ જે.પટેલ અને સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ (SPEC) બાકરોલના સેક્રેટરી શિતલભાઈ પટેલ દ્વારા રૈકરાયા હતા. આ MoU થકી એકબીજા ના સહયોગ થી શિક્ષણ,ટ્રેનિંગ,સંશોધન ને પ્રોત્સાહન બળ મળશે અને કોલેજ ના નવ યુવાનો ને નવી દિશા મળશે. તેમજ આવનારા દિવસો માં વિદ્યાર્થી ઓ માટે માર્ગદર્શન ના કાર્યક્રમો પણ યોજવામાં આવશે. આ કાર્યક્રમોમાં વિચારો નું આદન પ્રદાન, વેલફેર એક્ટિવિટી, સામાજિક સેવાઓ, પર્યાવરણ ની જાળવણી, વર્કશોપ યોજનાઓ, રોજગારી ની તકો ઉભી કરવી તથા આઇ.ટી.આઇ માંથી માનવ સંશોધન પૂરું પડવું તેમજ અન્ય કાર્યક્રમો યોજી નવ યુવાનો આવતા પડકારો ને સરળતા થી ઝીલી શકે તે માટે તાલીમ આપવામાં આવશે.

અમદાવાદ જિલ્લામાં જનભાગીદારી થકી 'મેરી માટી, મેરા દેશ' અભિયાનની ઉત્સાહભેર ઉજવણી કરાઇ

સમગ્ર જિલ્લામાં ૫૩૩ શિલાફલકમનું અનાવરણ કરાયું, કુલ ૮૮,૭૧૮ લોકોએ સેલ્ફી લઇ વેબસાઈટ પર અપલોડ કરી

૪૬૯ ગ્રામ પંચાયત, ૯ તાલુકા, ૬ નગરપાલિકા, ૧ મહાનગરપાલિકા કક્ષાએ યોજાયેલા કાર્યક્રમમાં ૨ લાખથી વધુ લોકો રાષ્ટ્રગાન અને ધ્વજવંદનમાં સહભાગી થયા

જિલ્લાભરમાં યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં કુલ ૨,૨૬,૬૭૨ નાગરિકોએ પંચ પ્રણ પ્રતિજ્ઞા લીધી

કમલમ્ ન્યુઝ,

'આઝાદી કા અમૃત મહોત્સવ'ને યાદગાર તેમજ ભવ્ય બનાવવા અમદાવાદ સહિત સમગ્ર રાજ્યભરમાં 'મેરી માટી, મેરા દેશ' અભિયાનમાં નાગરિકો ઉત્સાહભેર સહભાગી થયા હતા. અમદાવાદ જિલ્લામાં પણ જનભાગીદારી થકી 'મેરી માટી, મેરા દેશ' અભિયાનની ભવ્ય ઉજવણી કરાઇ હતી. સમગ્ર જિલ્લાના ૪૬૯ ગ્રામ પંચાયત, ૯ તાલુકાઓ, ૬ નગરપાલિકા અને ૧ મહાનગરપાલિકા કક્ષાએ 'મેરી માટી, મેરા દેશ' અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં જિલ્લાભરમાં ૫૩૩ શિલાફલકમનું અનાવરણ કરાયું હતું.

અને કાર્યક્રમોમાં ભાગ લેનારમાંથી કુલ ૮૮,૭૧૮ લોકોએ સેલ્ફી લઈ વેબસાઈટ પર અપલોડ કરી હતી. 'માટીને નમન, વીરોને વંદન' થીમ અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં કુલ ૨,૨૬,૬૭૨ જેટલા નાગરિકોએ રાષ્ટ્રની એકતા તથા અખંડિતતા માટે 'પંચપ્રણ' પ્રતિજ્ઞા લીધી હતી. આ ઉપરાંત 'વસુધાવંદન' અંતર્ગત જિલ્લામાં ૪૨,૬૫૫ વૃક્ષોનું વાવેતર કરાયું હતું. આ ઉપરાંત ઠેર ઠેર રાષ્ટ્રગાન અને ધ્વજવંદનનો કાર્યક્રમ પણ યોજાયો હતો. જેમાં જિલ્લાના કુલ ૨ લાખથી વધુ નાગરિકો સહભાગી થયા હતાં. આમ, સમગ્ર અમદાવાદ જિલ્લામાં રાષ્ટ્રભક્તિનું અનોખું પર્વ ઉજવાયું હતું.

બીબીએ બીકોમ બીસીએ કોલેજ અમરોલીમાં આંતર કૉલેજ એક પાત્રીય અભિનય સ્પર્ધાનું આયોજન

કમલમ્ ન્યુઝ,

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત, પ્રો. વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ, વી. એલ. શાહ કૉલેજ ઑફ કોમર્સ, સૂટેક્ષ બેંક કૉલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન અને સાયન્સ, અમરોલી દ્વારા આંતર કૉલેજ એક પાત્રીય અભિનય સ્પર્ધાનું આયોજન તા. ૨૧-૦૮-૨૦૨૩ ના રોજ કરવામાં આવ્યું. જેમાં મુખ્ય મહેમાન તરીકે સોનલ વૈદ્ય કુલકર્ણી અને જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ હાજર રહ્યાં હતાં તેમજ નિર્ણાયક તરીકે મિહિર પાઠક એ સક્રિય ભૂમિકા ભજવી હતી. સ્પર્ધામાં વિવિધ કૉલેજ માંથી કુલ ૩૨ કૃતિઓ ભજવાયી હતી. સ્પર્ધામાં ઉન્નતિ શિરસાથ પ્રથમ (જે ઝેડ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અમરોલી), નિકિતા જાદવ દ્વિતિય (જિલ્લા શિક્ષણ તાલીમ ભવન નવસારી), અને ખુશી નાયક (ડી આર બી કોલેજ સુરત) અને હિરવા કાર્ય (આરવી પટેલ કોલેજ અમરોલી) તૃતીય સ્થાને વિજેતા રહ્યાં હતાં. સ્પર્ધાનું સંચાલન પ્રી. ડૉ. મુકેશ ગેધાણીના માર્ગદર્શન હેઠળ પ્રા. ડૉ. ધ્રુવ રોહિત ગંગાડવાળાએ સફળતા પૂર્વક કર્યું હતું.

ગુજરાતમાં એક માત્ર વલસાડ જિલ્લામાં ટીબીના દર્દીઓ માટે ઉપયોગી અદ્યતન XDR GenXpert મશીનનું જિલ્લા પંચાયતના પ્રમુખ અલકાબેન શાહના હસ્તે લોકાર્પણ

જિલ્લા પંચાયતના ફંડમાંથી રૂ. ૨૧.૫૦ લાખના ખર્ચે અમેરિકન કંપનીનું ઈમ્પોર્ટેડ મશીન મંગાવાયું

આ મશીનથી કુલ ૫ થી ૬ લાખની વસ્તીને લાભ થશે સાથે હિપેટાઈટીસ-બી ના વાયરલની પણ તપાસ થશે

કમલમ્ ન્યુઝ,વલસાડ

પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લા પંચાયત તરફથી સ્ટેમ્પ ડ્યુટી યોજના વર્ષ ૨૦૨૨-૨૩ દ્વારા વલસાડની જીએમઈઆરએસ મેડિકલ કોલેજને ટીબીના દર્દીઓની તપાસ માટે XDR GenXpert મશીન ફાળવાયું છે. જેના લોકાર્પણનો કાર્યક્રમ સિવિલ હોસ્પિટલ ખાતે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી અલકાબેન શાહના અધ્યક્ષપણા હેઠળ યોજાયો હતો. રૂ. ૨૧ લાખ ૫૦ હજારના ખર્ચે અમેરિકાથી મંગાવાયેલુ આ મશીન ગુજરાતમાં એક માત્ર વલસાડ જિલ્લા પાસે જ ઉપલબ્ધ છે. ટીબીના દર્દીઓની તપાસ માટે અત્યંત ઉપયોગી ગણાતા આ મશીનના લોકાર્પણ પ્રસંગે અધ્યક્ષસ્થાનેથી જિલ્લા પંચાયતના પ્રમુખ અલકાબેન શાહે જણાવ્યું કે, કેન્સરનું નામ પડે એટલે પહેલા લોકો ટેન્શનમાં આવી જતા હતા. તેમ ટીબીનું નામ પડે એટલે લોકો ચિંતામાં આવી જતા હતા પરંતુ હવે આ રોગ નાઈલાજ રહ્યો નથી. સમય પર તેની સારવાર કરાવવાથી ટીબી મુક્ત થઈ શકાય છે. આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૨૫ સુધીમાં ટીબી મુક્ત ભારતનું અભિયાન છેડ્યુ છે. ત્યારે ગુજરાતમાં એક માત્ર આપણા વલસાડ જિલ્લામાં ટીબીના દર્દીઓના નિદાન માટે આ મશીન ખૂબ જ ઉપયોગી બની રહેશે. જે આપણા માટે ગૌરવની વાત છે. વલસાડ જિલ્લા વિકાસ અધિકારીશ્રી મનિષ ગુરવાનીનો આપણે આભાર માનીએ કે, તેઓના અથાગ પ્રયાસથી આ મશીન દર્દીઓની સેવામાં ઉપલબ્ધ કરાવવામાં સફળતા મળી છે. જે બદલ તેમને અભિનંદન પાઠવીએ છે.

પહેલા રિપોર્ટ આવતા ૨ થી ૩ દિવસ થઈ જતા હતા પરંતુ હવે આ નવા મશીનથી માત્ર દોઢ કલાકમાં જ રિપોર્ટ મળી જશે

આ પ્રસંગે વલસાડ જિલ્લા ક્ષય ઓફિસર ડૉ. એચ.પી.સિંઘે જણાવ્યું કે, નવા પ્રકારનું હાઈ ટેક્નોલોજીયુક્ત XDR (Extensive drug-resistance) GenXpert મશીનની સેન્સીટીવીટી ખૂબ જ વધારે છે. જેના કારણે માઈક્રો બેક્ટરિયમ ટ્યુબરક્યુલોસિસનું ખૂબ જ ઝડપથી ડાયગ્નોસિસ થઈ શકશે. આ મશીનથી ફર્સ્ટ લાઈન અને સેકન્ડ લાઈન ટીબી ડ્રગના રેઝીસ્ટન્ટનું ઝડપથી વહેલુ નિદાન પણ થશે. દર્દીમાં માઈક્રો બેક્ટેરિયમ ટ્યુબરક્યુલોસિસ છે કે નહી તે જાણવા માટે અગાઉ ૨ થી ૩ દિવસ થતા હતા પરંતુ આ ઈમ્પોર્ટેડ મશીનથી માત્ર દોઢ કલાકમાં જ રિપોર્ટ જાણી શકાશે. આ સિવાય કઈ દવા દર્દીને ઝડપી અસર કરશે તે પણ જાણી શકાશે. આ મશીનથી કુલ ૫ થી ૬ લાખની વસ્તીને લાભ થશે સાથે સાથે આ મશીનથી હિપેટાઈટીસ-બી ના વાયરલ લોડની તપાસ પણ કરી શકાય છે. વધુ ડૉ. સિંઘે કહ્યું કે, ટીબી નાબૂદી માટે મુખ્ય ચાર પિલર છે. (૧) ટીબીના દર્દીને શોધવુ, (૨) ટીબીના રોગને અટકાવવુ, (૩) ટીબીના દર્દીની સારવાર અને (૪) ટીબી સામે જનજાગૃતિ કેળવવા સિસ્ટમ બનાવવી. પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારતના ધ્યેયને જલદીથી આત્મસાત કરવા માટે ટીબીના દર્દીઓનું જેટલું વહેલું નિદાન તેટલી જલદી સારવાર કરવાથી તેમના દ્વારા લોકોમાં ફેલાતા ટીબીના ચેપને અટકાવી શકાય છે. જે માટે લોકોમાં જાગૃતિ જરૂરી છે. ડો. સિંઘે આભાર માનતા જણાવ્યું કે, આ મશીન ઉપલબ્ધ કરાવવા માટે વલસાડ જિલ્લા વિકાસ અધિકારીશ્રી મનિષ ગુરવાની, જિલ્લા પંચાયતના પ્રમુખ અલકાબેન શાહ અને જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન રંજનબેન પટેલ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. કિરણ પટેલના અથાગ પ્રયત્ન રહ્યા છે. જેને પગલે પહેલીવાર જિલ્લા પંચાયતના ફંડમાંથી આ મશીન ફાળવવામાં આવ્યું છે. વલસાડ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ગુજરાત, મહારાષ્ટ્ર તેમજ સંઘ પ્રદેશ દમણ અને દાનહમાંથી આવતા દર્દીઓને પણ ઉપયોગી બનશે. ખાનગી હોસ્પિટલના દર્દીઓનું પણ આ મશીન દ્વારા વિના મૂલ્યે ટેસ્ટીંગ કરી શકાશે. આ લોકાર્પણ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના અધ્યક્ષ રંજનબેન પટેલ, માઈક્રોબાયોલોજી ડિપાર્ટમેન્ટના એચઓડી ડો. પરિમલ પટેલ, સિવિલ સર્જન ડો. ભાવેશ ગોયાણી, મેડિકલ કોલેજના ડિન ડો. કમલેશ શાહ સહિત તબીબો અને આરોગ્ય કર્મીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા ક્ષય કેન્દ્રના સુપરવાઈઝર અશ્વિનભાઈ કે. પટેલે કર્યું હતું. જ્યારે આભારવિધિ ટીબી ડિપાર્ટમેન્ટના ડો. પરિમલભાઈ પટેલે કરી હતી.

ડાંગ જિલ્લાના કાલીબેલ અને સાકરપાતળ ખાતે તાલીમી ઓફિસર્સ ગ્રામ્ય વિસ્તારની મુલાકાત લેશે

સ્ટડી એન્ડ રિસર્ચ માટે મસુરી તાલીમ સેન્ટરના 14 IAS, IPS, IFS તાલીમ ઓફિસર્સ ડાંગ જિલ્લાની મુલાકાતે આવશે



જિલ્લા કલેક્ટર શ્રી આર.એમ ડામોરના અધ્યક્ષ સ્થાને તાલીમ ઓફિસર્સના વ્યવસ્થાપન અંગેની બેઠક યોજાઇ

કમલમ્ ન્યુઝ,ડાંગ

ભારત સરકારની સિવિલ સર્વિસ માટેની UPSC ક્લિયર કરીને ઓફિસર્સને તાલીમ આપતી લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય પ્રશાસન અકાદમી (લબાસના), મસૂરી ખાતે તાલીમ લઈ રહેલા ૧૪ જેટલા IAS, IPS, IFS ટ્રેનર ઓફિસર્સ ડાંગ જિલ્લાની મુલાકાતે આગામી તા.૨૬મી ઓગષ્ટથી પધારનાર છે. ડાંગ જિલ્લામાં આવી રહેલા આ તાલીમી અધિકારીઓના અતિથિ સત્કાર, ગ્રામીણક્ષેત્રની માહિતીથી વાકેફ કરવા સહિત રોકાણ અને મુલાકાત સહિતની તમામ આનુષાંગિક વ્યવસ્થા, માઈક્રોપ્લાનિંગ અંગેની એક બેઠક જિલ્લા કલેક્ટર શ્રી આર.એમ.ડામોરના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડમા ખાતે યોજાઈ હતી. આ તાલીમી અધિકારીઓ ડાંગ જિલ્લાના કાલીબેલ અને સાકરપાતળ ગામ ખાતે ગ્રામીણ ક્ષેત્રની જાણકારી અને સરકારી સુવિધાઓનું નિરીક્ષણ કરી જાત માહિતી મેળવશે. તેમજ આદિજાતિ સમાજની જીવનશૈલી અને આજીવિકા વિષય પર અભ્યાસ કરશે, તેમ જિલ્લા કલેક્ટર શ્રી આર.એમ. ડામોરે બેઠકમા જણાવ્યુ હતુ. ડાંગ જિલ્લામાં આવનારા તાલીમી ઓફિસર્સ "ફિલ્ડ સ્ટડી એન્ડ રિસર્સ પ્રોગ્રામ (FSRP)" અંતર્ગત વઘઈ તાલુકાના કાલીબેલ અને સાકરપાતળ ગામે રોકાણ કરી, આદિજાતિઓની જીવનશૈલી અને આજીવિકા વિષય પર અભ્યાસ કરશે. આ તાલિમી અધિકારીઓ તા. ૨૬મી ઓગસ્ટથી ૩જી સપ્ટેમ્બર, ૨૦૨૩ દરમિયાન કાલીબેલ અને સાકરપાતળમા ગામમા રહીને વનરાજીનુ નિરિક્ષણ, અભ્યાસ સાથે વિવિધ સ્થળોની મુલાકાત કરશે. જિલ્લામાં આ તાલીમી ઓફિસર્સના આગમન સંદર્ભે રોકાણ વ્યવસ્થા, પ્રાથમિક આરોગ્યની સુવિધાઓ, સ્વચ્છતા, આવા-ગમન માટે જરૂરી વાહનોની વ્યવસ્થા તેમજ જિલ્લાના વન વિસ્તારોની મુલાકાત, એડવેન્ચર અંગેની આનુષાંગિક વ્યવસ્થાઓના માઈક્રો પ્લાનિંગ સહિત સુચારુ ટાઈમ ટેબલ ગોઠવવા અંગે જમને જવાબદારી સોંપાઈ છે, તેવા જિલ્લાના અધિકારીઓને જરૂરી સૂચનો કરવા સાથે ઓફિસર્સની સુરક્ષા પર કલેક્ટરશ્રીએ વિશેષ ભાર મૂક્યો હતો. આ બેઠકમા પ્રાયોજના વહિવટદાર શ્રી સુથાર રાજ, ઉત્તર વન વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી દિનેશભાઈ રબારી, અધિક કલેક્ટર તેમજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી શિવાજી તબીયાર સહિત જિલ્લાના સંબંધિત અધિકારીઓ, મામલતદારો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તાપી જિલ્લા ભાજપ સંગઠનના નવા હોદ્દેદારોને હાર્દિક અભિનંદન

કમલમ્ ન્યુઝ, રાકેશ વાળા

ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ માનનીય અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલ સાહેબ અને મોવડી મંડળ દ્વારા તાપી જિલ્લા ભારતીય જનતા પાર્ટી સંગઠનના નવા હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવીછે. જિલ્લા પ્રમુખ શ્રી મયંકભાઈ જોશી, નવનિયુક્ત મહામંત્રી શ્રી રાકેશભાઈ કાચવાલા, શ્રી નિલેશભાઈ ચૌધરી, શ્રી સુહાગભાઈ પાડવી ની નિમણૂક કરવામાં આવી છે.

ભરૂચ જિલ્લા ભાજપની મતદાતા ચેતના અભિયાનને લઈ બેઠક મળી

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

ભરૂચ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો.ઓ. બેંકના સભાખંડ ખાતે ભરૂચ જિલ્લા ભાજપની મતદાતા ચેતનાઅભિયાન અંગેબેઠક પ્રદેશ આઈ.ટી. સેલનાનિખિલ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. ભરૂચ ડિસ્ટ્રિકટ કો.ઓપરેટીવ બેંકમાં સોમવારના રોજ ભાજપની મતદાર યાદી ચકાસણીની બેઠક યોજાઈ હતી.આ બેઠકમાંપ્રદેશના આઈટી સેલના કન્વિનર નિખિલ પટેલે હાજર રહેલા પદાધિકારીઓ સાથે ચર્ચાઓ કરી માહિતી આપી હતી. ભરૂચ જિલ્લા ભાજપ પણ લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ ની તૈયારીમાં લાગી ગઈ છે. તેના ભાગ રુપે પાર્ટીના કાર્યકર્તાઓના વર્કશોપ તેમજ વિવિધ સેલના કાર્યકરતાઓસાથે બેઠકનોદોર પણ શરૂ થઈગયોછે. ભારતીય જનતા પાર્ટી દ્વારા નવા મતદારોને મતદાર યાદીમાં જોડવા તેમજ કમી કરવા, મતદાર યાદીની ચકાસણી રાજ્યના દરેક જિલ્લામાં યુવા મતદારોને આકર્ષવા તેમજ ભારતીય જનતા પાર્ટીમાંજોડાય તે માટે શું કરી શકાય તેમજ મતદારને પડતી તકલીફોનું સુચારુ રૂપે આયોજન કરવા સમગ્ર દેશમાં મતદાતા ચેતના અભિયાનનો પ્રારંભ કરાયો છે. આ અનવ્યે ભરૂચ ભરૂચ ડિસ્ટ્રિકટ કો.ઓપરેટીવ બેંકમાં સોમવારના રોજ મતદાતાચેતના અભિયાનની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા ભાજપ પ્રમુખ મારુતિસિંહ અટોદરિયા, મહામંત્રી ફતેસિંહ ગોહિલ, વિનોદ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ અલ્પાબેન પટેલ, શહેર પ્રમુખ પ્રકાશ પટેલ, નિશાંત મોદી, દિવ્યેશ પટેલસહિત મંડલના ૧૪ અગત્યના પદાધિકારીઓ હાજર રહ્યાહતાં.બેઠકમાં વધારેમાં વધારે નવા મતદારોનો ઉમેરો થાય, મૃત્યુ પામનારા લોકોના ચાલતા નામો કમી થાય તે તમામ બાબતોને લઈને ભાજપના હોદ્દેદારોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ભરૂચ ખાતે શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ આયોજિત ૧૭મી વાર્ષિક સાધારણ સભા તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓનો સત્કાર સમારંભ યોજાયો

સમાજ ઉત્કર્ષના કાર્યમાં આપણે સહુ ખભે ખભા મિલાવી કામગીરી કરવા સંસ્થાના પ્રમુખશ્રી અશોકભાઇ વેકરિયાનો અનુરોધ

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ - ભરૂચ આયોજિત તેજસ્વી વિધાર્થી સત્કાર સમારંભ તેમજ ૧૭મી વાર્ષિક સાધારણ સભા આત્મીય ગ્રીન સ્કૂલ – ભરૂચ ખાતે સંસ્થાના પ્રમુખશ્રી અશોકભાઈ વેકરિયાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.કાર્યક્રમમાં સમાજના આગેવાન અને સંસ્થાના પ્રમુખશ્રી અશોકભાઈ વેકરિયાએ પ્રાસંગિક ઉદબોધનમાં સમાજ ઉત્કર્ષના કાર્યમાં આપણે સહુ ખભે ખભા મિલાવી કામગીરી કરવા પર ભાર મૂકયો હતો.

સાંપ્રત સમયમાં બાળકોને મોબાઇલથી દૂર રાખવા તેમજ વૃદ્ધ મા-બાપની સાર-સંભાળ લેવા સમાજના આગેવાનશ્રી પ્રવિણભાઇ કાછડીઆનો અનુરોધ

તેમણે ભરૂચખાતે સમાજનું પોતાનું એક ભવન બને તેવી અભિલાષા વ્યકત કરી હતી.

આ પ્રસંગે સમાજના આગેવાનશ્રી પ્રવિણભાઈ કાછડીઆએ સાંપ્રત સમયમાં બાળકોને મોબાઈલથી દૂર રાખવા તેમજ વૃધ્ધ મા-બાપની સાર-સંભાળલેવા અનુરોધકર્યોહતો.આ વેળાએ સેક્રેટરીશ્રી કુલદીપ વઘાસીયાએ ૧૭મી વાર્ષિક સાધારણ સભા કાર્યસૂચિની તેમજ ધો. ૧ થી ૧૨ ના ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના સમાજના તેજસ્વી તારલાઓને સન્માનની વિગતો આપી હતી.આ તકે સમાજના વિધાર્થીઓએ વિવિધ વિષયો આધારિતવકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના હોદેદારો ઉપપ્રમુખશ્રી જનકભાઈધામેલીયા, ખજાનચીશ્રી દિનેશભાઈ ઠુમર, સહમંત્રીશ્રી વિપુલભાઈ ટોકરીયા તેમજ સમાજના આગેવાનો દિલિપભાઈ સાવલીયા, ગાડુંભાઈ પીપળીયા, પરસોત્તમભાઈ પડસાળા, શાંતિભાઈ કથીરીયા તેમજ મંડળના સભ્યો, આગેવાનો, ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

કમલમ્ન્યુઝ,ચેતન પટેલ-મહેસાણા

મહેસાણા જિલ્લા ભાજપ દ્વારા જિલ્લા પ્રમુખ ગીરીશભાઈ રાજગોરના અધ્યક્ષ સ્થાને અને સાંસદ શ્રીમતી શારદાબેન પટેલ તથા જુગલભાઈ ઠાકોર ના ઉપસ્થિતિમાં પત્રકાર પરિષદ યોજવામાં આવીઆ પત્રકાર પરિષદમાં ભારતીય જનતા પાર્ટી આયોજિત મતદાતા ચેતના અભિયાન અંતર્ગત આગામી તારીખ ૨૫ થી ૩૧ ઓગષ્ટ દરમ્યાન મતદાર જાગૃતિ માટે ઘર ઘર સંપર્ક અભિયાન ચલાવવામાં આવશે તેના સંદર્ભમાં માં આજે પત્રકાર પરિષદ યોજવામાં આવી.

સા. કાં. ભાજપ દ્વારા મતદાતા ચેતના અભિયાન અંતર્ગત જિલ્લા વર્કશોપનું આયોજન કરાયું

કમલમ્ન્યુઝ,ઈકબાલમેમણ

વર્કશોપ અનુસંધાને મતદાનની તાકાતલોકતંત્રમાં સૌથી મોટી તાકાત છે. મતદાન લાખો લોકોના જીવનમાં સકારાત્મક બદલાવ લાવનારું સૌથી પ્રભાવી સાધન છે મતદાતા યાદીની ચકાસણી માટે કાર્યકર્તાઓને સક્રિય કરવા અંગેનો વર્કશોપયોજાયો હતો તે અંગે નવામતદારોનો ઉમેરોઅને અનધિકૃત/મત મતદારોને કાઢી નાખવા, મતદાર યાદીમાં સુધારો કરવો, વહીવટીઅધિકારીઓ સાથે સંકલન કરી વહીવટી અધિકારીઓના કાર્યમાંપારદર્શિતા લાવવી, મતદાર જનસંપર્ક અને જનતાની સહાય અભિયાન નો મુખ્ય. ઉદ્દેશ છે. ચૂંટણી પંચ દ્વારા જારી કરાયેલ હાલની મતદાતા યાદીની ચકાસણી માટે ભાજપ મતદાતા ચેતના અભિયાન શરૂ કરવામાં આવ્યું છે,ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા જિલ્લા દ્વારા જિલ્લાના અપેક્ષિત કાર્યકરોની હાજરીમાં મતદાતા ચેતના અભિયાન કાર્યક્રમનું જિલ્લા વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે મુખ્ય વક્તા આશિષભાઈ દવે, જિલ્લા સંગઠન પ્રભારી ગજેન્દ્રભાઈ સક્સેના, સાંસદ રમીલાબેન બારા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષા કું.કૌશલ્યાકુંવરબાપરમાર, જિલ્લા પંચાયત પ્રમુખ ધીરુભાઈ પટેલ, ધારાસભ્ય વી. ડી. ઝાલા, જિલ્લા મહામંત્રી વિજયભાઈ પંડ્યા, કનુભાઈ પટેલ,મહેન્દ્રસિંહ રહેવર, અશ્વિનભાઈ કોટવાલ સહિત અગ્રણીઓહાજર રહેલ.

અમેરિકાના લોકો નિયમિતપણે ખાય છે ગુજરાતમાં તૈયાર થતો ઔષધીય પાક ઈસબગુલ

ઇસબગુલના પ્રોસેસિંગમાં ગુજરાત ભારતમાં મોખરાના સ્થાન પર, દેશના કુલ ઇસબગુલના ઉત્પાદનનું ૯૦% પ્રોસેસિંગ ગુજરાતમાં

ભારત સમગ્ર વિશ્વમાં ઔષધીય પાક ઇસબગુલનો સૌથી મોટો ઉત્પાદક દેશ, ગુજરાતમાં પણ ઇસબગુલનું ઉત્પાદન છેલ્લા પાંચ વર્ષોમાં બમણું થયું



ભારતમાં ઇસબગુલના કુલ ઉત્પાદનના ૯૩%ની નિકાસ સમગ્ર વિશ્વમાં કરવામાં આવે છે, અમેરિકા સૌથી મોટો ખરીદદાર દેશ

અમેરિકામાં ઇસબગુલના વૈવિધ્યસભર ઉત્પાદનોની ભારેખમ માંગ, પાછલા કેટલાક વર્ષોમાં વેચાણ બે આંકડાની ટકાવારીમાં વધ્યું છે

કમલમ્ન્યુઝ,ભરત ભોગાયતા

સ્થાનિક ભાષામાં 'ઘોડાજીરૂ' તરીકે ઓળખાતો ઈસબગુલભારતમાંખેતીહેઠળના તમામ ઔષધીય પાકોમાં સૌથી વધુ વિસ્તાર ધરાવતો અતિ મહત્વનો પાક છે. સમગ્ર વિશ્વમાં ભારત એ ઈસબગુલ જેવા ઔષધીય પાકનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. ઈસબગુલ પાકના પ્રોસેસિંગમાં ગુજરાત સમગ્ર ભારતમાં મોખરાનાસ્થાન પરછે. ભારતના કુલ ઈસબગુલનાઉત્પાદનનું ૯૦% પ્રોસેસિંગ ગુજરાતમાંકરવામાંઆવે છે. તેના પ્રોસેસિંગના એકમો સિદ્ધપુર અને ઊંઝા ખાતે કાર્યરત છે. ઊંઝા અને તેની આસપાસના વિસ્તારોમાં લગભગ ૨૫ જેટલા ઈસબગુલ પ્રોસેસિંગ યુનિટ્સ વિકસિત કરવામાં આવ્યા છે. ઈસબગુલ એ સૌથી વધુ વિદેશી હુંડિયામણ કમાવી આપતો ઔષધીય પાક છે અનેભારતના કુલ ઈસબગુલના ઉત્પાદનના ૯૩% ઉત્પાદનની નિકાસ સમગ્ર વિશ્વમાં કરવામાં આવે છે, જેમાં અમેરિકા ભારત પાસેથી સૌથી વધુ માત્રામાં ઈસબગુલ ખરીદે છે. ત્યારબાદ ભારત પાસેથી સૌથી વધુ ઈસબગુલ ખરીદનારા દેશોમાં જર્મની, ઇટલી, યુકે અને કોરિયાનો સમાવેશ થાય છે. જોકે, વિશ્વના અનેક દેશોમાં ભારતમાંથી ઈસબગુલની નિકાસ કરવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનાનેતૃત્વમાં ગુજરાત કૃષિ ક્ષેત્રે વિકાસ કરી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશનમાં રાજ્ય સરકારની બાગાયત અને ઔષધીય પાકો માટેની પ્રોત્સાહક નીતિઓના પરિણામે ગુજરાતમાં બાગાયતી અને ઔષધીય પાકોના વાવેતર અને ઉત્પાદનમાં સતત વધારો થઈ રહ્યો છે. આ ઉપરાંત, ગુજરાત સરકારની પ્રોત્સાહક ઉદ્યોગનીતિ તેમજ એગ્રો ઈન્ડસ્ટ્રીઝની નીતિઓના કારણે કૃષિ ઉત્પાદનોનાપ્રોસેસિંગમાં અને તેમની નિકાસમાં પણ વધારો થઈ રહ્યો છે. ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષોમાં ઈસબગુલનું ઉત્પાદન બમણું થયું આ ઈસબગુલના ઉત્પાદનમાં ગુજરાત દેશના અગ્રણી રાજ્યોમાં સ્થાન ધરાવે છે. વર્ષ ૨૦૧૮-૧૯માં રાજ્યમાં ઈસબગુલનો કુલ વાવેતર વિસ્તાર ૬૭૫૪ હેકટર અને કુલ ઉત્પાદન ૬૮૧૭ મેટ્રિક ટન હતુ, તેની સામે વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ વાવેતર વિસ્તાર ૧૩,૩૦૩ હેક્ટર અને કુલ ઉત્પાદન ૧૨,૯૫૨ મેટ્રિક ટન થયું છે. આમ, છેલ્લા પાંચ વર્ષોમાં ગુજરાતમાં ઈસબગુલનો વાવેતર વિસ્તાર અને તેનુંઉત્પાદન લગભગ બમણું થયું છે.

ગુજરાતમાં બનાસકાંઠા ઇસબગુલનો સૌથી મોટો ઉત્પાદક જિલ્લો

ગુજરાતમાં બનાસકાંઠામાં ઈસબગુલનું સૌથી વધુ એટલે કે ૪૭%ઉત્પાદન થાયછે, ત્યારબાદ કચ્છમાં ૩૪%, મહેસાણામાં ૧૦% અને જૂનાગઢમાં૫% ઈસબગુલનું ઉત્પાદન થાય છે. આ સાથે ગુજરાતમાં ઈસબગુલના કુલ ઉત્પાદનના ૯૬% ઉત્પાદન આ ચાર જિલ્લાઓમાંથાય છે.

એશિયાના સૌથી મોટા APMC ખાતે ઇસબગુલની આવકમાં વધારો

ઊંઝાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC) ખાતે છેલ્લા પાંચ વર્ષોમાં ઈસબગુલની આવકમાં પણ વધારો થયો છે. વર્ષ ૨૦૧૮-૧૯માં ઊંઝાની એપીએમસી ખાતે ૬૫, ૪૧૩ મેટ્રિક ટન ઈસબગુલનીઆવક હતી, જે વર્ષ ૨૦૨૨-૨૩માં વધીને ૮૭,૦૫૦ મેટ્રિક ટન થઈ છે. ઉલ્લેખનીય છેકે ઊંઝાનુંગંજ બજાર એશિયાનું સૌથી મોટું ગંજ બજાર છે, જે ઈસબગુલ, જીરૂ અને વરિયાળીનાપાક માટે પ્રખ્યાત છે.

કૃષિ યુનિવર્સિટી એ બહાર પાડેલી ઈસબગુલની ચાર જાતો

ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા ગુજરાત ઈસબગુલ-૧, ગુજરાત ઈસબગુલ-૨, ગુજરાત ઈસબગુલ -૩ અને ગુજરાત ઈસબગુલ-૪ એમ ઈસબગુલની ચાર જાતો બહાર પાડેલી અથવા સુધારેલી જાતો છે. આ જાતોનું હેક્ટરદીઠ અનુક્રમે ૮૦૦ થી ૯૦૦ કિગ્રા અને ૧૦૦૦ કિગ્રા જેટલું ઉત્પાદન થાય છે.

આયુર્વેદિક, યુનાની અને એલોપથી ચિકિત્સાઓમાં ઉપયોગી ઇસબગુલ

ઈસબગુલના બીજ શીતળતાના ગુણધર્મો ધરાવેછે અને તેનો ઉપયોગ આયુર્વેદિક, યુનાની અને એલોપથી ચિકિત્સાઓમાં કરવામાં આવે છે. તેના બીજ તથા તેની ભૂકીનો ઉપયોગ પાચનતંત્ર અને મૂત્રજનનતંત્રના શ્લેષ્મ આવરણોનાસોજા દૂર કરવામાં તથા આંતરડાના ચાંદા, મસા અને ગોનોરીયાની સારવાર કરવા ઉપરાંત કોલેસ્ટેરોલ ઘટાડવા માટે કરી શકાય છે. ગર્ભપાત વખતે ગર્ભાશય તેમજ યોનિમાર્ગના વિસ્તરણ માટે પણ તેનો ઉપયોગ કરવાઅંગે તાજેતરમાંસંશોધન થયું છે. ઔષધીય ઉપયોગોઉપરાંતતેનો ઉપયોગ રંગકામ, કાપડનું છાપકામ, આઈસ્ક્રીમ ઉદ્યોગ, મીઠાઈ અને સૌંદર્ય પ્રસાધન ઉદ્યોગમાં પણ કરી શકાય તેમ છે. આ ઉપરાંત, ઈસબગુલના ભૂસીમુક્ત બીજમાં ૧૭થી ૧૯% પ્રોટીન હોય છે અને તેથી તેનો ઉપયોગ પશુ આહારમાં કરવામાં આવેછે.

અમેરિકા ભારતીય ઈસબગુલનો સૌથી મોટો ખરીદદારદેશ

ભારતમાંથી ઈસબગુલનો સૌથી મોટો ખરીદદાર દેશ અમેરિકા છે, જે ભારતમાંથી થતી કુલ નિકાસનો લગભગ ૭૫% હિસ્સો ધરાવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ભારતમાંથી અમેરિકામાં ૧૯,૯૬૬ મેટ્રિક ટન ઈસબગુલની નિકાસ કરવામાં આવી હતી, જેનું મૂલ્ય રૂ.૧૦૨૩૨૯ કરોડછે. વર્ષ ૨૦૨૩-૨૪ માટે પણ એપ્રિલથી જૂન સુધીના પ્રથમ ક્વાર્ટરમાં રૂ. ૩૪૩. ૨૦ કરોડના મૂલ્યના ૪૯૩૧.૭૦ મેટ્રિક ટન ઈસબગુલની અમેરિકામાં નિકાસ કરવામાં આવી છે. આ આંકડા દર્શાવે છેકે ભારતીય ઔષધીય પાક ઈસબગુલ અમેરિકામાંહાલ ભારે માંગમાં છે.

અમેરિકામાં વેચાય છે ઈસબગુલના વૈવિધ્યસભર ઉત્પાદનો

માર્કેટ રિસર્ચ કંપની મિન્ટેલના ડેટાઅનુસાર, યુનાઈટેડ સ્ટેટ્સમાં ઈસબગુલના વિવિધ ઉત્પાદનોની અત્યારે ધરખમ માંગ છે. વર્ષ ૨૦૧૮થી વર્ષ ૨૦૨૨ સુધીમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં ઈસબગુલના ૨૪૯નવા ઉત્પાદનો બહાર પાડવામાં આવ્યા હતા. વિભિન્ન કેટેગરીમાં વેચાણના આંકડા મળવા મુશ્કેલ છે, પરંતુ માસ-માર્કેટ પ્રોડકટ મેટામુસિલના પ્રવક્તાએ જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષોમાં ઈસબગુલના ઉત્પાદનોનું વેચાણ બે આંકડાની ટકાવારીમાં વધ્યુંછે. ઈસબગુલની ઘણીબધી નવીપ્રોડક્ટસનો ઉપયોગ હવે અમેરિકાનારસોડાઓમાં પણ થવા લાગ્યો છે. ઓછા કાર્બોહાઈડ્રેટ્સવાળો ખોરાક ખાતા લોકો તેનો બાઈન્ડિંગ તરીકે ઉપયોગકરે છે, રસોઈ દરમિયાન પાતળા સોસને થોડોક વધુ ઘટ્ટ બનાવવા માટે ઈસબગુલનો ઉપયોગ થાય છે, તો ગ્લુટન ફ્રી બેકર્સ બ્રેડ અને કેકના બેકિંગમાં તેનો ઉપયોગ કરે છે. અમેરિકામાં પાચનને સરળ બનાવવા અને ભૂખને કાબૂમાં રાખવા માટે પણ ઈસબગુલનો ઉપયોગ કરવામાં આવેછે.

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ બાકરોલ દ્વારા ૭૭મા સ્વતંત્રતા દિવસની ઉજવણી સપ્તાહ અંતર્ગત ભારતના ૮ દાયકાના પ્રદર્શનનું આયોજન

કમલમ્ન્યુઝ,બીના પટેલ

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ બાકરોલદ્વારા ૭૭માસ્વતંત્રતા દિવસની ઉજવણી સપ્તાહઅંતર્ગત ભારતના ૮ દાયકાના પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું જેમાં એન્જિનિયરિંગના પ્રોજેકટ પણ વિદ્યાર્થીઓ દ્વારા પ્રદર્શિત કરવામાં આવ્યા. આ પ્રસંગે સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, સરદાર પટેલ યુનિવર્સીટીના વાઇસ ચાન્સેલર શ્રી નિરંજનભાઈ પટેલ, સંસ્થાના ચેરમેન શ્રી સિતલભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાહતા.

બારડોલી ખાતે આવેલું ૭૦૦ વર્ષ જુનુ ચમત્કારિક 'કેદારેશ્વર મહાદેવ'નું શિવાલય શિવ ભકતોમાં અનોખી આસ્થાનું કેન્દ્ર

શિવાજી મહારાજ ખલી ગામે બિરાજમાન કેદારેશ્વર મહાદેવ દાદાના દર્શન કરી, પૂજા-અર્ચના કરી ભગવી ધજા ચડાવી સુરત પર ચડાઈ કરતા

કમલમ્ન્યુઝ,મયુર પટેલ

પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઈ ચૂકીછે ત્યારેસુરત જિલ્લાના બારડોલીખાતે આવેલાજ્યોતિર્લીંગ સમાન ૭૦૦ વર્ષપુરાણું ઐતિહાસિક કેદારેશ્વર મહાદેવનું મંદિર શિવ ભકતોમાંઅનોખી આસ્થાનું કેન્દ્ર બન્યું છે. સુરત જિલ્લાના બારડોલીનજીક મીંઢોળા નદીના કિનારે આવેલ ૭૦૦ વર્ષ પુરાણું '' કેદારેશ્વર મહાદેવ'' નું મંદિર આ પવિત્ર યાત્રાધામની મધ્યે શિવજીનું પ્રાગટ્ય રહસ્યમય સંજોગોમાં થયું હોવાનું કેહવાતું આવ્યું છે. એક કથા મુજબ બારડોલીના ખલી ગામે મીંઢોળા નદીના કિનારે શ્રી કેદારેશ્વર મહાદેવ સ્વયંભૂ પ્રગટ થઈ લોકોના કલ્યાણ હેતુ અહીં બિરાજમાન થયા છે. કેદારેશ્વર મહાદેવમંદિરની સ્થાપનાઆશરે ૭૦૦ વર્ષ પહેલાં કરવામાં આવી હતી. અહીં શિવજીનું પ્રાગટ્ય રહસ્યમય સંજોગોમાં થયું હતું. પહેલાં આ વિસ્તાર ગૌચર વિસ્તાર હતો. જ્યાં આસપાસના ગામના પશુપાલકો પોતાના પશુઓ અહીં ચરાવવા આવતા હતા. દરમિયાન એક ગાય દરરોજ એક જ સ્થળે પોતાના દૂધની ધારા વહેડાવી દેતી હતી. જેથી ઘરે ગાય દુધ આપતી ન હોતી. આખરે ગોવાળીયાને સપનામાં શિવજીએ આવીને તે સ્થળે ખનન કરી મંદિરની સ્થાપના કરવાનું જણાવ્યું હતું અને આ રીતેકેદારેશ્વર મહાદેવની ખલી ગામે સ્થાપના થઈ હતી. કેદારેશ્વર મહાદેવનાં મંદિરનું રાજકીય ક્ષેત્રે પણ એક અનેરું મહત્વ છે.

ગાંધીજીનું અસ્થિ વિસર્જન કરાયું હતું તેમાંનું એક સ્થળ એટલે કેદારેશ્વર મહાદેવ

રાષ્ટ્રપિતા ગાંધીજીનાં દેહવિલય બાદ આખા ભારતમાં ચાર(૪) અસ્થિ કુંભ વિસર્જિત કરવામાં આવ્યાહતા. જે પૈકી એક અસ્થિકુંભબારડોલીના ઐતિહાસિક સ્વરાજ આશ્રમ ખાતે મોકલવામાં આવ્યો હતો. જે અસ્થિકુંભ ઢોલનગારાના તાલેભજન કીર્તન કરતા સાથે નદીના માર્ગથી કેદારેશ્વર મહાદેવ ખાતે લાવી મીંઢોળા નદીમાં વિસર્જિત કરવામાં આવી હતી.છત્રપતિ શિવાજી મહારાજે અનેક વખત સુરત પર ચડાઈ કરી હતી. એવી પણ લોકવાયકા છે કે શિવાજી મહારાજ ખલી ગામે બિરાજમાન કેદારેશ્વર મહાદેવ દાદાના દર્શન કરી, પૂજા-અર્ચના કરી ભગવી ધજા ચડાવી સુરત પર ચડાઈ કરતા હતા. છત્રપતિ શિવાજી મહારાજની પણ આ મંદિર સાથે આસ્થા જોડાયેલી હોવાનું માનવામાં આવે છે.

પાંચ ભાઈના એક જ દિવસે દર્શન માત્રથી દરેક મનોકામના પૂર્ણ

કેદારેશ્વર મહાદેવની સાથે અન્યચાર મહાદેવનાંસ્વયંભૂ શિવલિંગ જિલ્લામાં બિરાજમાન છે. જે તમામ ભાઈઓ હોવાની પણ લોકોમાં માન્યતા છે. કહેવાય છે કે સૂર્યોદયથીસૂર્યાસ્ત સુધીમાંપાંચેય ભાઈઓના દર્શન માત્રથી મનની કોઈ પણ મનોકામના પૂરી થાય છે. કેદારેશ્વર મહાદેવ, ક્રાકેશ્વરમહાદેવ, કપિલેશ્વરમહાદેવ, કંદમેશ્વર મહાદેવ તેમજ કાંતારેશ્વર મહાદેવ એમ પાંચેય ભાઈઓનાં નામ પણ "ક" પરથી શરૂ થાય છે.

ચીનના પ્રવાસીએ પણ આ મંદિરનો ઉલ્લેખ કર્યો હતો

ચીનના પ્રવાસી હ્યુ-એન-સંગ ભારતના પ્રવાસે નીકળ્યા હતા. દરમિયાન કેદારેશ્વર મહાદેવના મંદિરની મુલાકાત લેતાંતેઓ મંદિરની પૌરાણિકતા અને પવિત્રતાથી ખૂબ પ્રભાવિત થયા હતા. જેથી તેમણે ભારતના પ્રવાસ દરમિયાન લખેલા પુસ્તકમાં કેદારેશ્વર મહાદેવનો ઉલ્લેખ કર્યો હતો.

રાજકોટ જિલ્લાના સૌથી મોટા એલ.પી.જી. સ્ટોરેજમાં થયુ લીકેજ

લેવલ - ૩ ની ઇમરજન્સી હોવાથી જિલ્લા વહિવટી તંત્ર, એન.ડી.આર.એફની ટીમ, ગ્રામ્ય પોલીસની ટીમ, ૧૦૮ એમબ્યુલન્સ, રેવન્યુ વિભાગની ટીમો સત્વરે પહોંચી

કમલમ્ ન્યુઝ,રાજકોટ

રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના વેરાવળ પાસે આવેલીતીર્થ એગ્રો કંપની તેના યુનિટ-૨ માં રાજકોટ જિલ્લાનું સૌથી મોટું એલ.પી.જી. સ્ટોરેજ ધરાવે છે. જેમાં આજે સવારે બાર વાગ્યાની આસપાસ લેવલ-૩નું લીકેજ થતા હવામાં એલ.પી.જી. ગેસ ફેલાવાની શરુઆત થઈ હતી. નજીકમાં મિથેન ગેસનું ઉત્પાદન કરતુંએક યુનિટ છે તથાતેની બીજી બાજુમાં એક પેટ્રોલ પંપ છે. ગેસ સ્ટોરેજ ખુલ્લામાં હોવાથી હવાની દિશામાં ભયંકર આગ લાગવાની અથવા કેમીકલ બર્ન્સ (ગેસ ગળતર) જેવી ખાનાખરાબી સર્જાવાની શક્યતા હતી. યુનીટના માણસોએ શરૂઆતમાં જ આગને કાબુમાંકરવાની કોશિષકરી હતી. લેવલ - ૩ ની આ ઇમરજન્સી હોવાથી જિલ્લા વહિવટી તંત્ર અને ગેસકંપનીઓના મ્યુચ્યુઅલ એઇડ ગ્રુપને જાણ કરવામાં આવી હતી. ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ તથા ગુજરાત ગેસની એક્સપર્ટ્સની ટીમ, એન.ડી.આર.એફનીટીમ, ગ્રામ્ય પોલીસની ટીમ, ૧૦૮ એમ્બ્યુલન્સ, રેવન્યુ વિભાગની ટીમો સત્વરે ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિ કાબુમાં લીધી હતી. એન.ડીઆર.એફનીડીટેકશન ટીમે આવતાની સાથેજ ગેસટ્રેકર, પાંચ લેયર સ્પેશ્યલ પી.પી.ઈ. કીટ પહેરીને ગેસ લીકેજના સ્પોટ શોધી કંપનીના એન્જીનિયરની મદદથી લીકેજ સ્પોટ બંધ કરી દીધો, જેથી ગેસ ગળતર અટકાવી શકાય. આ દરમિયાન કંપનીના ત્રણ કર્મચારીઓ અંદર અટવાયા હતા. તેમનેએન.ડી.આર.એફની રેસ્ક્યુ ટીમ દ્વારા બહાર કાઢીને જરૂરી મેડીકલ એઈડ આપીને સારવાર માટે નજીકની હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. એલ.પી.જી. ગેસ અન્ય ગેસની તુલનામાં ભારે હોવાથી તેના તત્વોને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન અને શાપર-વેરાવળના ફાયર ફાઈટર દ્વારાવોટરીંગ કરીનેશાંત કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ ફરીથી એન.ડીઆર.એફનીડીટેકશન ટીમે સમગ્ર વિસ્તારનું ચેકીંગ કર્યું હતું. ઔદ્યોગિક સલામતીઅને આરોગ્ય અધિકારીના નાયબ નિયામક શ્રી ડી.બી.મોણપરાએ આ ઘટનાને મોકડ્રીલ જણાવી ત્યારે તમામ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓને હાશકારોથયોહતો. રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના શાપર વેરાવળ ખાતે આવેલા તીર્થ એગ્રોના યુનિટ નં-૨ ખાતે જિલ્લા કલેકટરશ્રી પ્રભવ જોશી તથા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી જયપાલસિંહ રાઠોર આ ઘટનાના સમાચાર મળતા જ સત્વરે સ્થળ પર ધસી ગયા હતા. મોકડ્રીલના અંતે એન.ડી.આર.એફ.ની ૬ઠ્ઠી બટાલીયનનાઆસીસ્ટન્ટ કમાન્ડન્ટ રાકેશ બિસ્ટ સહિતના મહાનુભાવોએ ભવિષ્યમાં જો આવી દુર્ઘટનાસર્જાય તોશું તકેદારી રાખવી તે અંગેજરૂરી સુચનો કર્યા હતા.

એનએલસીઆઈએલે પરવરનાર રિવર કોર્સનું કાયમી ડાયવર્ઝન પૂર્ણ કર્યું

રહેઠાણો તેમજ કૃષિ ક્ષેત્રોને જળપ્રલયથી બચાવવા માટે સિંચાઈ માટે પાણી મેળવવા માટે અનેક એકરની વધારાની કૃષિ જમીનો



કમલમ્ ન્યુઝ,

પરવનાર નદીના માર્ગના કાયમી ડાયવર્ઝનનું લાંબા સમયથી વિલંબિત અને મહત્વપૂર્ણ કામ ગઈકાલે એટલે કે, તા.૨૧જાં ઓગસ્ટ ૨૦૨૩. કુલ ૧૨ કિલોમીટરમાંથી ૧૦.૫ કિલોમીટરનો મોટો ભાગપૂર્ણ થઈ ચૂક્યો છે. ૨૬જુલાઈ, ૨૦૨૩માં, એનએલસીઆઈએલે ૧.૫ કિ.મી.નોબાકી રહેલોભાગ લીધો હતો. પરવનાર રિવર કોર્સનું કામ્પ્યલાઉએલાઈનમેન્ટ માઈન-૨ કટ ફેસથીમાત્ર ૬૦ મીટર દૂર છે. આ પરવનાર નદીને ઉત્તર-પશ્ચિમ અને દક્ષિણ વિસ્તારોથી ૧૦૦ ચોરસ કિ.મી.થી વધુના કેચમેન્ટ એરિયામાંથી સ્ટોર્મ વોટરનું સંચાલન કરવુંપડે છે.

આ વિસ્તારમાંઅનેક ગામો સંકળાયેલા હોવાથી, સતત અને ભારે વરસાદ દરમિયાન રહેઠાણો તેમજ કૃષિ ક્ષેત્રોને જળપ્રલયથી બચાવવા માટે તે સર્વોચ્ચ મહત્વનું બનીગયું છે. ખાણોની આસપાસના ગામોની સુરક્ષાનીજવાબદારીઅને જવાબદારીને ધ્યાનમાં લઈને એનએલસીઆઈએલે પરવનારના કાયમી ડાયવર્ઝનના કાર્ય દ્વારા પર્યાપ્ત અને કાયમી પાણીનો માર્ગ પૂરો પાડવાનું નિર્ણાયક કાર્ય હાથ ધર્યું હતું.૧૨ કિ.મી.નીકુલ લંબાઈ માટે પરવનારનાકાયમી ડાયવર્ઝન માટે સામેલ અંદાજિત વિસ્તાર ૧૮ હેક્ટર છે.

પહેલેથી જ, એનએલસીઆઈએલની ખાણો દ્વારા આખું વર્ષ પરવનાર નદીના પાણીને બહાર કાઢવામાં આવતા અનેક એકર જમીનમાં સિંચાઈ કરવામાં આવી રહી છે. હાલનો પરવનાર કાયમી નદીનો માર્ગ શરૂ થતાં, વધારાની ખેતીની જમીનોને હવે અનેક એકર જમીન માટે સિંચાઈ માટે પાણી મળશે. ઉપરાંત, પરવણર નદીમાં સતત પાણીનો સ્ત્રોત ભૂગર્ભ જળની ઉપલબ્ધતા વધારવામાંમદદ કરશે.

આર.કે. યુનિવર્સિટી ખાતે યોજાયેલો 'ટ્રાફિક અવેરનેસ' સેમીનાર

કમલમ્ ન્યુઝ,રાજકોટ

ટ્રાફિક નિયમોવિશે જાગૃતિ લાવવામાટે રાજકોટ શહેર પોલીસ દ્વારા આર. કે. યુનિવર્સિટી ખાતે 'ટ્રાફિક અવેરનેસ સેમીનાર' યોજાયોહતો. રાજકોટશહેર ટ્રાફિક પોલીસ ડી.સી.પી. શ્રી પુજા યાદવ, અને એ.સી.પી. શ્રી એન. જી. વાઘેલાએ પી.પી.ટી.ના માધ્યમથી 'ટ્રાફિક અવેરનેસ' વિશે આર. કે. યુનિવર્સિટીના આશરે ૧૫૦ વિદ્યાર્થીઓને માર્ગ સલામતી અંગેજાગૃતિ આવેતે માટે તલસ્પર્શી સંવાદ કર્યો હતો. જેમાં ડ્રાઈવીંગ લાયસન્સનું મહત્વ, હેલ્મેટ-સીટ બેલ્ટ નો ફરજીયાત ઉપયોગ, વાહન ચલાવતી વખતે અન્ય વાહનથી સુરક્ષિત અંતર રાખવા સાથે વાહનની ગતિ મર્યાદાનું પાલન, રસ્તો ઓળંગતા રાહદારીઓને પ્રાથમિકતા તેમજ મોટર વ્હીકલ એક્ટના નિયમો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ સેમિનારમાંઆર.કે.યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરશ્રી અમિત લાઠીગરા, રજીસ્ટ્રારશ્રી સમીર અટારા, એચ.આર. હેડશ્રી કેતકી રામાણી, પ્રોફેસરશ્રીઓઅને ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નવસારીના લક્ષ્મણ હોલ ખાતે તા.૨૨/૦૮/૨૦૨૩ થી તા.૨૮/૦૮/૨૦૨૩ સુધીનું આયોજન

કમલમ્ ન્યુઝ,નવસારી

સરકારશ્રીના મહિલા સશક્તિકરણ અંગેનાપ્રયત્નોને વધુ વેગવંતા બનાવવાના હેતુસર નવસારીના ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી. દ્વારા મિશન મંગલમ યોજનઓ અંતર્ગત સ્વસહાય જુથો દ્વારા રાખીમેળા તથાઆગામી તહેવારોને ધ્યાને લઈ મહિલાઓ દ્વારા ઉત્પાદિત થતી ચીજવસ્તુઓના વેચાણના હેતુસર રાખીમેળો-૨૦૨૩નું આયોજન કરવામાંઆવ્યું છે. જે રાખીમેળાનું આજ રોજ જીલ્લાગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી એમ. એસ. ગઢવીએ દ્વારા દિપ પ્રાગટ્ય કરી મેળાને ખુલ્લોમુકવામાંઆવ્યો હતો. રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે સંબંધિત ચીજ વસ્તુઓ જેવી કે રાખડી મિઠાઇ ગિફ્ટ આર્ટીકલની વસ્તુઓનું ઉત્પાદન તથા વેચાણ કરતી મહિલાઓ તથા મહિલાસંગઠનોને સીધેસીધુ બજાર મળી રહે તે હેતુથી લક્ષમણ હોલ, ટાવર પાસે, નવસારી ખાતે તા.૨૨/૦૮/૨૦૨૩ થી તા.૨૮/૦૮/૨૦૨૩ દરમિયાન આયોજિત "રાખીમેળા" ની મુલાકાત લઈ, મહિલાઓ દ્વારા વેચાણ થતી ચીજ વસ્તુઓની ખરીદી કરી તેઓને સ્વાનિર્ભર થવામાં સહયોગ પૂરો પાડવા શહેરીજનોને અનુરોધ કરવામાંઆવ્યો છે.

૯ વર્ષ - સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ પર યોજાશે ત્રણ દિવસીય મલ્ટીમીડિયા ચિત્ર પ્રદર્શન

કેન્દ્રીય સંચાર બ્યૂરો, સુરત દ્વારા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, નવસારીમાં તા.૨૩થી ૨૫ ઓગસ્ટ દરમિયાન આયોજન

કમલમ્ ન્યુઝ,

કેન્દ્ર સરકારના "૯ વર્ષ - સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ"ની વિવિધ યોજનાઓની એક જ સ્થળેથી માહિતી આપવા માટે ત્રણ દિવસીય ચિત્ર પ્રદર્શનનું આયોજન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે કેન્દ્રીય સંચાર બ્યુરો, માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું છે. સરકારની સિદ્ધિઓ અને સફળતા જન જનસુધી પહોંચડવા માટે કેન્દ્રીય સંચાર બ્યુરો દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાં નવસારીના જિલ્લા શિક્ષણ અને તાલીમભવન ખાતેકેન્દ્ર સરકારના "૯ વર્ષ - સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ"ની વિવિધ યોજનાઓની એક જ સ્થળેથી માહિતી મળે એ માટે તા. ૨૩થી ૨૫ ઓગસ્ટ ત્રણ દિવસ મલ્ટીમીડિયા ચિત્ર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું તા.૨૩ નાં સવારે ૧૧-૦૦ વાગે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ/ મહાનુભાવોની હાજરીમાં કરવામાં આવશે.આ કાર્યક્રમની માહિતીવધુમાંવધુલોકો સુધી પહોંચાડવા માટે જિલ્લા સેવા સદન, જુનાથાણાખાતે આજરોજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી એમ એસ ગઢવીના હસ્તે પ્રચાર અભિયાનનો શુભારંભ કરવામાંઆવ્યો હતો.

આ પ્રસંગેસહાયક માહિતી નિયામક શ્રીયજ્ઞેશ ગોસાઈ તેમજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં તેમજ અડદા ગામ સ્થિત ઉત્તર બુનિયાદી આશ્રમ શાળામાં વિવિધ વર્ગના વિદ્યાર્થીઓ માટે "એક ભારત શ્રેષ્ઠ ભારત" વિષય પર વકતૃત્વસ્પર્ધા, "બેટીબચાઓ બેટી પઢાઓ" પર નિબંધ અને "સ્વચ્છ ભારત" વિષય પર ચિત્રકળા સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યુ હતું. આ ત્રણ દિવસીય મલ્ટીમીડિયા ચિત્ર પ્રદર્શનમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગો જેમ કે નશાબંધી ખાતુ, આરોગ્ય, જિલ્લા ગ્રામિણ વિકાસ અને પોસ્ટલ ડિપાર્ટમેન્ટ પોતાના વિભાગની કામગીરી અને કલ્યાણકારીયોજનાઓવિશે સ્ટોલ તૈયાર કરી માહિતીનું પ્રદર્શન પણ કરશે. આ પ્રદર્શન તા. ૨૩ થી ૨૫ ઓગસ્ટ દરમિયાન સવારે ૧૦-૦૦ થીસાંજે ૧૮-૦૦વાગ્યા સુધી લોકોને નિઃશુલ્ક જોવામળશે એવી માહિતી ક્ષેત્રિય પ્રચાર અધિકારી ઈન્દ્રવદનસિંહ ઝાલાની યાદી જણાવે છે.

ગાજર ઘાસ નિર્મૂલ સપ્તાહ અંતર્ગત મોરબીના માધાપર પ્રાથમિક શાળામાં કાર્યક્રમ યોજાયો

મોરબીના માધાપર પ્રાથમિક શાળામાં ગાજર ઘાસથી થતા નુકશાન સાથે તેના ખાતર તરીકેના ઉપયોગ અંગે કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,મોરબી

ભારતની દરેક કૃષિ યુનિવર્સિટીદ્વારા ગાજર ઘાસ નિર્મૂલસપ્તાહ ઉજવાઈ રહ્યું છે, આ નિમિત્તેજુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેથીલોકોને ગાજર ઘાસ થીથતા નુકસાન વિશે સમજણ આપી શકાય અને કાર્યક્રમો થકી ખેતર , ફાર્મ હાઉસ, સ્કૂલ કે ઘરનીઆજુબાજુ ગાજર ઘાસ ન થાય તો શું કરવું તે અંગેની જાગૃતિ સમજ આપવામાં આવે છે. ગાજર ઘાસ નિર્મૂલ સપ્તાહ અંતર્ગત મોરબીના માધાપર પ્રાથમિક શાળામાં સ્કૂલના બાળકોને ગાજર ઘાસ થી થતા નુકસાન અંગે સમજણ આપવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાંસ્કૂલમાં બાળકોને આજુબાજુથી ગાજર ઘાસ કાઢી અને તેનું કમ્પોસ્ટિંગ કરી અને ખાતર બનાવવાનુંઅને આબાબતે ગામડેજઈ ખેડુતોને માહિતગાર કરવામાંઆવ્યા હતા. અને સાથેરેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થી , શિક્ષકો અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર મોરબીના વૈજ્ઞાનિક જોડાયા હતા.

"લ્વર્ષ - સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ" પર યોજાશે ત્રણ દિવસીય મલ્ટીમીડિયા ચિત્ર પ્રદર્શન

કેન્દ્રીય સંચાર બ્યૂરો, સુરત દ્વારા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, નવસારીમાં તા.૨૩થી ૨૫ ઓગસ્ટ દરમિયાન આયોજન

કમલમ્ ન્યુઝ,

કેન્દ્ર સરકારના "૯ વર્ષ - સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ"ની વિવિધ યોજનાઓની એક જ સ્થળેથી માહિતી આપવા માટે ત્રણ દિવસીય ચિત્ર પ્રદર્શનનું આયોજન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે કેન્દ્રીય સંચાર બ્યુરો, માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું છે. સરકારની સિદ્ધિઓ અને સફળતા જન જન સુધી પહોંચડવા માટે કેન્દ્રીય સંચાર બ્યુરો દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેછે. જેમાંનવસારીના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે કેન્દ્ર સરકારના "૯ વર્ષ - સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ"ની વિવિધ યોજનાઓની એક જ સ્થળેથી માહિતી મળે એ માટે તા. ૨૩થી ૨૫ ઓગસ્ટ ત્રણ દિવસ મલ્ટીમીડિયા ચિત્ર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું તા.૨૩નાં સવારે ૧૧ વાગે કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લાગ્રામિણ વિકાસ એજન્સીના નિયામક, જિલ્લા શિક્ષણ અધિકારી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાંપ્રાચાર્ય અને અન્ય મહાનુભાવો દ્વારા કરવામાં આવશે. આ કાર્યક્રમની માહિતી વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવા માટે આજે જિલ્લા ગ્રામિણ વિકાસ એજન્સીનાનિયામક શ્રીએમ એસ ગઢવીના હસ્તે પ્રચાર અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સહાયક માહિતી અધિકારી શ્રી યજ્ઞેશભાઈ ગોસાઈ તેમજ જિલ્લા ગ્રામિણ વિકાસ એજન્સીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. તેમજ અડદા ગામ સ્થિત ઉત્તર બુનિયાદી આશ્રમ શાળામાં વિવિધ વર્ગના વિદ્યાર્થીઓ માટે "એક ભારત શ્રેષ્ઠ ભારત" વિષય પર વકતૃત્વ સ્પર્ધા, "બેટી બચાઓ બેટીપઢાઓ" પર નિબંધ અને "સ્વચ્છ ભારત" વિષય પર ચિત્રકળા સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને ઉદ્ઘાટન સમારોહમાં પુરસ્કાર અને પ્રમાણ પત્ર મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાંઆવશે. આ ત્રણ દિવસીય મલ્ટીમીડિયા ચિત્ર પ્રદર્શનમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગો જેમ કે નશાબંધી ખાતુ, આરોગ્ય, જિલ્લા ગ્રામિણ વિકાસ અને પોસ્ટલ ડિપાર્ટમેન્ટ પોતાના વિભાગની કામગીરી અને કલ્યાણકારી યોજનાઓ વિશે સ્ટોલ તૈયાર કરી માહિતીનું પ્રદર્શન પણ કરશે. આ પ્રદર્શન તા. ૨૩થી ૨૫ ઓગસ્ટ દરમિયાન સવારે ૧૦થી સાંજે ૬ વાગ્યા સુધી લોકોને નિઃશુલ્ક જોવા મળશે એવી માહિતી ક્ષેત્રિય પ્રચાર અધિકારી ઈન્દ્રવદન સિંહ ઝાલાએ આપી હતી.

એસઈસીએલ રાષ્ટ્રીય તબીબી પ્રવેશ પરીક્ષા — નીટ માટે નિઃશુલ્ક નિવાસી કોચિંગ પ્રદાન કરશે

મધ્યપ્રદેશ અને છત્તીસગઢના કોલસા પટ્ટાવાળા વિસ્તારોમાં નબળી આર્થિક પૃષ્ઠભૂમિના વિદ્યાર્થીઓને લાભ મળશે

કમલમ્ ન્યુઝ,

છત્તીસગઢ સ્થિત કોલ ઇન્ડિયાની પેટાકંપની, એસઈસીએલ ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓને નિઃશુલ્ક નિવાસી તબીબી કોચિંગપ્રદાનકરશે. કંપનીની સીએસઆર પહેલ, "SECL કે સુશ્રુત", હેઠળ વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય તબીબી પ્રવેશ પરીક્ષા - નીટની તૈયારીમાં મદદ કરવા માટે માર્ગદર્શનઆપશેઅને કોચિંગપ્રદાન કરશે. આ પગલાથી ગરીબ આર્થિક પૃષ્ઠભૂમિના વિદ્યાર્થીઓને મોટોફાયદો થશે, ખાસ કરીને મધ્યપ્રદેશ અને છત્તીસગઢના કોલસા પટ્ટાવાળાવિસ્તારોના ગામોમાં,જેઓ ડૉક્ટર બનવાની ઈચ્છા ધરાવે છે, પરંતુ તેઓ તબીબી કોચિંગ માટે અસમર્થ છે. કોચિંગ માટે વિદ્યાર્થીઓની પસંદગી નીટ જેવી જ પેટર્નના આધારે સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા કરવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત બિલાસપુર સ્થિત એક ખાનગી કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ સાથે ભાગીદારીમાં કુલ ૩૫ વિદ્યાર્થીઓની બેચને કોચિંગ આપવામાં આવશે. આ કાર્યક્રમ નિયમિત રાષ્ટ્રીય કક્ષાની ટેસ્ટ શ્રેણી અને માર્ગદર્શન સાથે નિવાસી હશે અને તેમાં રહેવાની અને બોર્ડિંગની સુવિધાઓનો સમાવેશ કરવામાં આવશે. વિગતવાર નિયમો અને શરતો માટે અને પ્રોગ્રામ માટે નોંધણી કરવા માટે વિદ્યાર્થીઓએ એસ.ઈ.સી.એલ. વેબસાઈટની મુલાકાત લેવાની રહેશે - **https://secl-cil.in/index.php.** ઓનલાઈન રજિસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૬ સપ્ટેમ્બર, ૨૦૨૩છે. પસંદગીકસોટી ૧૦ સપ્ટેમ્બરે યોજાશે. કોચિંગ માટે અરજી કરવા માટે લાયક બનવા માટે વિદ્યાર્થીએ ૨૦૨૩ માં ઓછામાંઓછા ૬૦% ગુણ સાથે ધોરણ ૧૨પાસ કરેલ હોવું આવશ્યક છે. અરજદાર એમપીઅથવા છત્તીસગઢમાં વસવાટ કરતા હોવા જોઈએ, અને તેઓ ફક્ત મધ્યપ્રદેશના કોરબા, રાયગઢ, કોરિયા, સરગુજા, સૂરજપુર, બલરામપુર અને માનેન્દ્રગઢ-ચિરમીરી-ભરતપુર જિલ્લાઓના સંચાલન જિલ્લાઓમાં એસઈસીએલ એસ્ટાબ્લિશમેન્ટના ૨૫ કિ.મી.ની ત્રિજ્યામાં સ્થિતહોવી જોઈએ અથવા તેમની શાળા હોવી જોઈએ. અરજદારની માતાપિતા/વાલીઓની ઉપરોક્ત કુલ આવક ઉપરાંત ? ૮,૦૦,૦૦૦/- (રૂપિયા આઠ લાખ પ્રતિ વર્ષ) થી વધુ ન હોવી જોઈએ. યોગ્ય સરકારી સત્તાધિકારી/ગરીબી રેખા નીચે (બીપીએલ) કાર્ડ/ અંત્યોદય અન્ન યોજના કાર્ડમાં નોંધાયેલા વાલીઓના આવકવેરા રીટર્ન અથવા વોર્ડના નામનું આવકનું પ્રમાણપત્ર કોચિંગપ્રોગ્રામમાં પ્રવેશ પહેલાં સબમિટ કરવાનું રહેશે. કોચિંગ અનામત માટે આપવામાં આવતી કુલ બેઠકોમાં કોલસા મંત્રાલયની નીતિ મુજબ પણ લાગુ કરવામાં આવશે, જેમાં એસસી માટે ૧૪ટકા, એસટી માટે ૨૩ ટકા અને ઓબીસી માટે ૧૩ ટકા બેઠકો અનામત રાખવામાં આવશે.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028